પ્રજાસત્તાક દિવસની ઝલક | પેજઃ 23-26

વર્ષ : 3 અંક : 15

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

1-15 ફેબ્રુઆરી, 2023 (નિઃશુલ્ક)



## આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ- 2023

# મોટું અનાજ સમૃદ્ધ આહાર

ભારતે કરેલી પહેલને ધ્યાનમાં રાખીને દુનિયા 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે ઉજવી રહી છે અને મોટા અનાજમાં અગ્રણી ભારત આ વિશેષ વર્ષ દ્વારા દુનિયા માટે નવું પથ દર્શક બની રહ્યું છે...

# ભારતીયતાના પથ પર આગળ વધતું
# નવા ભારતનું બજેટ

**આધુનિક ભારતનો ઈતિહાસ બે સદીઓથી બ્રિટિશ સંસ્થાનવાદના ઓથાર હેઠળ રહ્યો છે. સરકાર કોઈપણ સ્વરૂપના આ સંસ્થાનવાદી બોજને દૂર કરીને ભારતીયતાની ઓળખને મજબૂત કરવા માટે પગલાં લઈ રહી છે. નીતિઓમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. બ્રિટિશકાળના જ્યારે સેંકડો કાયદા બદલી નાંખવામાં આવ્યા છે, તો સાથે સાથે કેન્દ્રીય બજેટમાં દાયકાઓથી બ્રિટિશ સંસદના સમયને અનુસરવામાં આવતી પરંપરા, સમય અને તારીખ પણ બદલવામાં આવ્યા છે.**

કેન્દ્રીય બજેટથી અલગ રેલ્વે બજેટ રજૂ કરવાની પ્રથા 2017-18ના બજેટથી દૂર કરવામાં આવી છે. 1924માં રેલ્વે ફાઈનાન્સને સામાન્ય ફાઈનાન્સથી અલગ કરવામાં આવ્યું હતું.

વર્ષ 2017માં બજેટની તારીખ ફેબ્રુઆરી મહિનાની છેલ્લી તારીખને બદલે 1 ફેબ્રુઆરી કરવામાં આવી હતી. 1999માં અટલ બિહારી વાજપેયીના પ્રધાનમંત્રીકાળ દરમિયાન બજેટનો સમય સાંજે 5 વાગ્યાથી બદલીને સવારે 11 વાગ્યા કરવામાં આવ્યો હતો.

વર્ષ 2019માં, બ્રીફકેસમાંથી બજેટ રજૂ કરવાને બદલે, પરંપરાગત ભારતીય 'ખાતાવહી' પસંદ કરવામાં આવી હતી અને 2021માં તેના સ્થાને ડિજિટલ બજેટમાં રજૂ કરવામાં આવ્યું હતું.

ભારતનું પ્રથમ બજેટ 1860માં રજૂ કરવામાં આવ્યું હતું અને સ્વતંત્ર ભારતમાં પ્રથમ બજેટ 26 નવેમ્બર 1947ના રોજ પ્રથમ નાણામંત્રી આર.કે શનમુખમ ચેટ્ટી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.



"આપણા અસ્તિત્વના કોઈપણ ભાગમાં, આપણા મન અથવા આદતોના કોઈપણ ઊંડા ખૂણામાં પણ ગુલામીનો કોઈ અંશમાત્ર પણ ન રહેવો જોઈએ. આપણે તેને ત્યાં જ સમાપ્ત કરી દેવો જોઈએ. આપણે આપણી જાતને ગુલામીની એ માનસિકતામાંથી મુક્ત કરવી પડશે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ 3, અંકઃ 15 | 1-15 ફેબ્રુઆરી, 2023

**મુખ્ય સંપાદક**
**સત્યેન્દ્ર પ્રકાશ,**
મુખ્ય મહાનિદેશક, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**રવિન્દ્ર કુમાર શર્મા**
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ
https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia**

# અંદરના પાને

## માનવજાતને ભારતની ભેટ...



**કવર સ્ટોરી**


ભારત માટે 2023નું વર્ષ ગૌરવશાળી બની ગયું છે. G-20ની અધ્યક્ષતા કરીને ભારત 'વસુધૈવ કુટુમ્બકમ્'નો સંદેશ આપી રહ્યું છે, તો સાથે જ ભારતની પહેલના કારણે દુનિયા આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ (International Year of Millets)ની ઉજવણી કરી રહી છે... | 6-21


**પ્રવાસી ભારતીયો આપણા 'રાષ્ટ્રદૂત' સંપૂર્ણ જગત આપણો સ્વદેશ**




17મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન | 27-29


**માતૃભૂમિના રક્ષણ અને રાષ્ટ્રનિર્માણમાં આપી પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક કણ**




આઝાદીના લડવૈયાઓ માતૃભૂમિને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવવા માટે અથાક સંઘર્ષ કર્યો અને સમયની પ્રત્યેક ક્ષણ, જીવનનો પ્રત્યેક કણ રાષ્ટ્ર માટે સમર્પિત કરી દીધા | 44-47

**સમાચાર સાર** | 4-5

**સશક્ત યુવાનો - વિકસિત ભારત**
સ્વામી વિવેકાનંદની જયંતિ 'યુવા દિવસ' નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન | 22

**74મા પ્રજાસત્તાક દિવસની ઝલક**
કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક ભારતનો ઉત્સવ | 23-26

**દરેક નાગરિકોની ભાગીદારીથી પાણીના પડકારોના ઉકેલ તરફ આગળ વધતું ભારત**
'જળ છે તો જીવન છે' ઉક્તિની દિશામાં ઝડપથી વધતા ડગલાં | 30-31

**કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો**
BHIM UPI ટ્રાન્ઝેક્શન પ્રોત્સાહન યોજના અને બહુ-રાજ્ય સહકારી નિકાસ સમિતિની રચનાને મંજૂરી | 32-33

**108મું ભારતીય વિજ્ઞાન અધિવેશનઃ ભારતની વૈજ્ઞાનિક શક્તિની ભૂમિકા મહત્વપૂર્ણ**
વિજ્ઞાનમાં જોશ સાથે જ્યારે દેશની સેવાનો સંકલ્પ જોડાઈ જાય ત્યારે પરિણામો પણ અભૂતપૂર્વ જ આવે છે | 34-35

**પીએમ આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનઃ જેથી બીમારીનું ઝડપી નિદાન થાય, તપાસમાં વિલંબ ન થાય**
પીએમ આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનના સાત વર્ષ પૂરાં થયાં | 36-37

**મુખ્ય સચિવોનું રાષ્ટ્રીય સંમેલન**
ટીમ ઈન્ડિયાની ભાવનાને મજબૂત બનાવવાનો એક અદભૂત મંચ | 38-39

**નદી જળમાર્ગ, ભારતનું નવું સામર્થ્ય**
વિશ્વના સૌથી લાંબા રિવર ક્રૂઝ-MV ગંગા વિલાસને પીએમ મોદીએ લીલી ઝંડી બતાવી | 40-41

**આત્મનિર્ભરતા તરફ વધતા ભારતનું પ્રતીક છે 'વંદે ભારત'**
વંદે ભારતના ચાર વર્ષ, 15 દિવસમાં બે નવી ટ્રેનની ભેટ | 42-43

**વ્યક્તિત્વઃ શંભુનાથ ડે**
જેમના સંશોધને કોલેરાના દર્દીઓના જીવ બચાવ્યા | 48



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

## પોષણ સમૃદ્ધ, જળવાયુ સક્ષમ હોવાનો સંદેશ આપતું આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ

સાદર નમસ્કાર!

કોવિડ મહામારીએ આપણને સૌને સ્વાસ્થ્ય અને પોષણ સુરક્ષાના મહત્વનો અહેસાસ કરાવ્યો છે. સાથે જ, આખી સદીમાં એકાદ વખત આવતી આવી મહામારી પછી સંઘર્ષની સ્થિતિએ બતાવ્યું છે કે, ખાદ્ય સુરક્ષા હજુ પણ પૃથ્વી માટે ચિંતાનો વિષય છે. જળવાયુ પરિવર્તનથી પણ અન્નની ઉપલબ્ધતા પર અસર થઈ શકે છે. આવા સમયે, મોટા અનાજ (બાજરી)ના સંદર્ભમાં શરૂ થયેલું વૈશ્વિક અભિયાન એક મહત્વપૂર્ણ પગલું છે, કારણ કે તે અનાજ સરળતાથી ઉગાડી શકાય છે, આબોહવાને અનુકૂળ છે અને દુષ્કાળ સામે પણ ટકી શકે છે.

માનવજાત દ્વારા ઉગાડવામાં આવેલા સૌથી પહેલાં પાકોમાં મોટા અનાજ (બરછટ અનાજ)નો ગૌરવપૂર્ણ ઈતિહાસ રહ્યો છે. તે અનાજ ભૂતકાળમાં એક મહત્વપૂર્ણ ખોરાક સ્રોત રહ્યા છે, પરંતુ સમય જતાં લોકોની ભોજનની થાળીમાંથી તે અદશ્ય થવા લાગ્યા. આવા સમયમાં આ અનાજને ભવિષ્ય માટે ખોરાકનો વિકલ્પ બનાવવો એ વર્તમાન સમયની માંગ છે. જ્યારે કૃષિમાં સ્થિરતા આવી જાય છે, ત્યારે માત્ર ઉત્પાદન જ નહીં પણ આપણા પોતાના સ્વાસ્થ્યને પણ અસર થાય છે, આ સ્થિતિમાં બાજરી એ કૃષિ અને આહાર વિવિધતામાં વૃદ્ધિ કરવાનો એક સારો માર્ગ છે.

ભારતે 2018માં પોષક અનાજના વર્ષની ઉજવણી કરી હતી જેથી બાજરીને ખોરાક તરીકે પ્રોત્સાહન આપવામાં આવે જે પોષણને ભારત અને વિશ્વના સુદૂરવર્તી વિસ્તારો સુધી લઈ જવામાં મદદ કરે છે. ભારત દ્વારા શરૂ કરાયેલી યોગથી લઈને મિલેટ્સ સુધીની પહેલને દુનિયાએ સ્વીકારી છે. ખાદ્ય સુરક્ષા અને પોષણને મહત્વ આપતી ભારતની પહેલને ધ્યાનમાં રાખીને, સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ (International Year of Millets) વર્ષ તરીકે જાહેર કર્યું છે. જેની શરૂઆત થઈ ગઈ છે અને વિશ્વમાં પોષક અનાજમાંથી બનતા ખોરાક તરફનું વલણ ઝડપથી વધી રહ્યું છે. ભારત 1.8 કરોડ ટન કરતાં વધારે ઉત્પાદન સાથે બાજરીનું વૈશ્વિક હબ બનવાની દિશામાં અગ્રેસર છે. એશિયામાં પાકતી કુલ બાજરીમાંથી 80 ટકાથી વધુ ઉત્પાદન માત્ર ભારતમાં જ થાય છે.


બાજરી અથવા મોટું ધાન્ય પ્રાચીન સમયથી ભારતની ખેતી, સંસ્કૃતિ અને સભ્યતાનો એક ભાગ રહ્યું છે. આ વખતની અમારી કવર સ્ટોરી પોષક અનાજના આંતરરાષ્ટ્રીય વર્ષના સંદર્ભમાં આ પૌષ્ટિક અનાજના મહત્વ પર આધારિત છે. ભારતનો ઉદ્દેશ બાજરીના ઉપયોગ પ્રત્યે વધુ સારું વલણ બનાવીને તેને વૈશ્વિક જન આંદોલનનું રૂપ આપવાનો છે.

વ્યક્તિત્વ તરીકે આ અંકમાં શંભુનાથ ડેને રાખવામાં આવ્યા છે, જેમના સંશોધનથી કોલેરાના દર્દીઓના જીવ બચી ગયા છે. પીએમ આયુષ્માન ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન, પ્રવાસી ભારતીય દિવસ વિશેષ, પ્રજાસત્તાક દિવસની ઝલક, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રને લોકાર્પણ કરાયેલા વિવિધ પ્રોજેક્ટના કાર્યક્રમો આ અંકમાં સમાવી લીધા છે. આ સાથે જ, અમૃત મહોત્સવની શ્રેણીમાં મહાન વીરોની શૌર્ય ગાથાને પણ સમાવી લીધી છે.

આપના સૂચનો અમને મોકલતા રહો.

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

(સત્યેન્દ્ર પ્રકાશ)




# આપની વાત...

### સમકાલીન ગતિવિધીઓ વિશે સચોટ માહિતી ઉપલબ્ધ છે

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવતું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન હું નિયમિતપણે વાંચું છું. આ મેગેઝિનનો નવો અંક વાંચવાનો મોકો મળ્યો. આ મેગેઝિન બાકીના અન્ય મેગેઝિન કરતાં તદ્દન અલગ છે કારણ કે તેમાં સમકાલીન ગતિવિધીઓ અને ઘટનાઓની ખૂબ જ સુંદર અને સચોટ માહિતી હોય છે. બીજું કે, આ મેગેઝિન ભારતની 13 મુખ્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તે પણ વિનામૂલ્યે મળે છે. આ મેગેઝિન સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ઘણી મદદ કરે છે. દેશના વીરોની સત્ય ઘટનાઓ વાંચીને હૃદય દ્રવિત થઈ જાય છે કે આપણા નાયકોએ દેશ માટે જે કંઈ કર્યું તેની સરખામણીમાં આપણે શું યોગદાન આપી રહ્યાં છીએ. આઝાદીના અમૃત મહોત્સવના તમામ નાયકોની શૌર્ય ગાથાઓનું એક પુસ્તક સ્વરૂપે સંકલન કરો જેથી દરેક લોકો તેમના વિશે જાણી શકે. - પ્રિયાંશુ ચૌધરી

priyanshuchymhp00@gmail.com

### મેગેઝિન સાથે પ્રેમ થઈ ગયો

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન વાંચીને મારું મન ખૂબ ખુશ થઈ ગયું. હું ગ્રામીણ વિસ્તારમાં રહું છું અને આ મેગેઝિન પહેલીવાર વાંચ્યા પછી જાણે મને તેનાથી પ્રેમ થઈ ગયો હોય તેવું લાગે છે. આમાં તથ્યો દર્શાવતા સમાચાર અને ભારત સરકારની વિવિધ વિકાસ યોજના વગેરેનું સંકલન ખૂબ જ રસપ્રદ હોય છે. આઝાદીનો અમૃત મહોત્સવ તો સોનામાં સુગંધ ભેળવી દે છે.

gurmendra@gmail.com

### આ મેગેઝિન ઘણી ઉપયોગી માહિતી આપે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન ઘણી ઉપયોગી માહિતી આપે છે. તેના આંકડા વાંચીને ખબર પડે છે કે ભારત કેવી રીતે ઝડપથી વિવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બની રહ્યું છે અને પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. તમારી આખી ટીમ અભિનંદનને પાત્ર છે.

dksbdn25@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનની આતુરતાથી રાહ જોઈએ છીએ

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનની આતુરતાથી રાહ જોઉં છું. હું માહિતી અને પ્રસારણ મંત્રાલયનો આભાર માનું છું, જેના કારણે મને આ મેગેઝિન વાંચવા મળ્યું છે. આ મેગેઝિનમાં વ્યક્તિત્વની શ્રેણીમાં પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી વિશે પ્રકાશિત થયેલો લેખ ઘણો અર્થપૂર્ણ હતો. તેમજ અન્ય લેખો પણ ઘણા ગમ્યા. આઝાદીનો અમૃત મહોત્સવ શ્રેણીમાં રાજેન્દ્રનાથ લાહિડી અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે સારી માહિતી મળી. - શ્રીગોપાલ શ્રીવાસ્તવ

shrigopal6@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન નિયમિત રીતે મળી જાય છે અને તે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. આ મેગેઝિન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉભરતા અને બદલાતા ભારતનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. 1 થી 15 ડિસેમ્બરના અંકમાં એક લેખમાં ભ્રષ્ટાચાર સામે નિર્ણાયક લડાઈમાં પ્રધાનમંત્રીના સંકલ્પ અને પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત થાય છે. તેમજ, આ અંકની કવર સ્ટોરી મિશન લાઈફ દ્વારા પર્યાવરણને અનુકૂળ જીવનશૈલીનો સમગ્ર વિશ્વને સંદેશ આપે છે. આ મેગેઝિન સુદૂરવર્તી વિસ્તારોમાં ઝોનલ પત્રકારોના સંદર્ભ માટે અધિકૃત દસ્તાવેજની ભૂમિકામાં પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

-ડૉ. ઘનશ્યામ બટવાલ

drgbmdsr@gmail.com

**અમને ફોલો કરો @NISPIBIndia**

**પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in**

# ઑનલાઈન ગેમિંગના સુધારેલા IT નિયમો, 2021 બહાર પડાયા

## જેથી રમતોમાં હિંસક, નશાની લત પાડનારી અથવા જાતીય સામગ્રી ન હોય

દેશમાં ઑનલાઈન ગેમિંગ એક ઉદ્યોગ તરીકે ઉભરી રહ્યું છે. ઑનલાઈન ગેમિંગનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ભારતમાં વર્ષ 2025-2026 સુધીમાં એક ટ્રિલિયન ડૉલરની ડિજિટલ અર્થવ્યવસ્થાના વિકાસમાં તેની ભૂમિકા મહત્વપૂર્ણ છે. બાળકો અને મહિલાઓ માટે ગેમને સુરક્ષિત બનાવવાની સાથે સાથે નિયમનકારી માળખાને મજબૂત કરવા માટે, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે ઑનલાઈન ગેમિંગ સંબંધિત ડ્રાફ્ટ IT આર્બિટ્રેશન નિયમો-2021 બહાર પાડીને જાહેર પરામર્શ શરૂ કર્યો છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું છે કે, આ નિયમ સરળ છે. અમે ઈચ્છીએ છીએ કે ઑનલાઈન ગેમિંગ ઈકોસિસ્ટમનું વિસ્તરણ અને વિકાસ થાય. ઑનલાઈન ગેમિંગ ઉદ્યોગમાં સ્ટાર્ટઅપની મોટી ભૂમિકાની કલ્પના પણ તેમાં કરવામાં આવી છે. મંત્રાલય ટૂંક સમયમાં જ આ નીતિને અંતિમ સ્વરૂપ આપવા માટે જાહેર પરામર્શની વધુ એક શ્રેણીનું આયોજન કરશે.



### પ્રસ્તાવના મહત્વપૂર્ણ મુદ્દા

- એક સ્વ-નિયમનકારી વ્યવસ્થાતંત્રનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ભવિષ્યમાં ઑનલાઈન ગેમિંગની સામગ્રીને પણ નિયંત્રિત કરી શકે. ખેલાડીઓની ફરજિયાત ચકાસણીની વ્યવસ્થા કરી છે.
- નિયમથી એવું સુનિશ્ચિત થશે કે રમતોમાં કોઈ હિંસક, નશાની લત લગાડનારી અથવા જાતીય સામગ્રી ન હોય. ભારતમાં લાગુ પડતા નિયમોનું પાલન કરવું જરૂરી છે.
- ભારતમાં લગભગ 40 થી 45 ટકા ખેલાડીઓ મહિલાઓ છે, તેથી ગેમિંગ ઈકોસિસ્ટમને સુરક્ષિત રાખવી વધુ મહત્વપૂર્ણ છે.
- ડ્રાફ્ટ નિયમોમાં સટ્ટાબાજી અને તેની વિરુદ્ધ કડક જોગવાઈઓ છે.
- પરિણામ પર સટ્ટાબાજી કરવાની મંજૂરી આપતી ઑનલાઈન ગેમ્સને અસરકારક રીતે પ્રતિબંધિત જાહેર કરવામાં આવી છે.

# 'હર ઘર બીજલી યોજના'થી જમ્મુ-કાશ્મીરનું ગામ પહેલીવાર પ્રકાશિત થયું

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના તેથન ગુર્જર વસાહતના લોકો 'હર ઘર બીજલી યોજના'ની પ્રશંસા કરતા થાકતા નથી. આઝાદીના અમૃતકાળમાં પ્રવેશેલા આ ગામમાં પ્રથમવાર અહીં રહેતા ગ્રામજનોએ વીજળી થતો પ્રકાશ જોયો છે. યોજનામાંથી મળેલા વીજ કનેક્શન અંગે ગ્રામજનોનું કહેવું છે કે, આ પ્રકાશ માત્ર તેમના ઘર માટે જ નથી, પરંતુ તેમના જીવનમાં પરિવર્તન લાવનારો છે. અહીં ટ્રાન્સફોર્મરમાંથી વીજ પુરવઠો શરૂ થતાં ગ્રામજનો જ નહીં પરંતુ વીજ વિકાસના કર્મચારીઓ પણ નવા ટ્રાન્સફોર્મર સામે ખુશીથી નાચવા લાગ્યા હતા.

જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014માં સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારે તેમણે દેશભરના દરેક ગામમાં વીજળી પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો. ઑગસ્ટ 2015માં, લાલ કિલ્લાની પ્રાચીર પરથી,



અંધકારમાં ડૂબેલા દરેક ગામડાઓમાં વીજળી પહોંચાડવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે દરેક ઘર સુધી વીજળી પહોંચાડવાનું કામ થઈ રહ્યું છે. તે અંતર્ગત જ કેન્દ્રીય યોજના હેઠળ 200 લોકોની વસ્તી ધરાવતા તેથણ ગામમાં વીજળી પહોંચી છે. આ ગામના રહેવાસીઓ, ફઝુલુદ્દીન ખાન અને ઝફર ખાનનું કહેવું છે કે તેમણે જીવનમાં પહેલીવાર વીજળીનો પ્રકાશ જોયો છે.

# સરહદી રાજ્યોમાં રૂ. 724 કરોડના ખર્ચે બાંધવામાં આવેલા 28 પ્રોજેક્ટનું રાષ્ટ્રને લોકાર્પણ

કોઈપણ રાષ્ટ્રની સુરક્ષા, સંરક્ષણ માટેની તૈયારી, ક્ષેત્રના સામાજિક-આર્થિક વિકાસની સાથે સાથે સરહદી વિસ્તાર વ્યૂહાત્મક રીતે પણ વિશેષ મહત્વ ધરાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છેવાડાના ગામને છેલ્લું ગામ માનતા નથી, પરંતુ તેને સમૃદ્ધિના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. સરહદી ગામડાઓમાં સુવિધાઓનો વિકાસ કરવા પર ભાર મૂકવામાં આવે છે. સરહદી વિસ્તારમાં વિકાસ કરવા માટે કેન્દ્ર સરકારનો સંકલ્પ એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે, 3 જાન્યુઆરીએ, અરુણાચલ પ્રદેશમાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 28 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું હતું, જેમાં અલોંગ-યંકિયોંગ રોડ પર સિયોમ પુલનો સમાવેશ થાય છે. સીમા માર્ગ સંગઠન દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટમાં સિઓમ સહિત 22 પુલ, ઉત્તર અને પૂર્વોત્તર પ્રદેશોમાં સાત સરહદી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્રણ માર્ગો અને અન્ય ત્રણ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ સાથે, લદ્દાખના બે અને મિઝોરમના એક ટેલિમેડિસિન નોડનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે સ્વાસ્થ્ય સંબંધિત જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ થશે.



આ કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું, "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા સરહદી વિસ્તારોને જોડવા અને ત્યાંના રહેવાસીઓના વિકાસને સુનિશ્ચિત કરવાની છે. તે ભવિષ્યના પડકારોનો અસરકારક રીતે સામનો કરવા માટે મજબૂત અને આત્મનિર્ભર 'નવા ભારત'નું નિર્માણ કરવાનો હેતુ ધરાવે છે. ભારત હંમેશા યુદ્ધની વિરુદ્ધ રહ્યું છે, પરંતુ જો તે આપણા પર લાદવામાં આવશે તો અમે ચોક્કસ લડીશું. અમે એ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે રાષ્ટ્ર તમામ પ્રકારના જોખમોથી સુરક્ષિત છે."

## ફેમ ઈન્ડિયા ફેઝ-2માં 1,700થી વધુ ઈલેક્ટ્રિક બસો રસ્તા પર દોડવા લાગી

કેન્દ્ર સરકારની ફેમ ઈન્ડિયા ફેઝ-2 યોજનામાં, સમગ્ર દેશના રાજ્ય સરકાર અને પરિવહન નિગમોએ અત્યાર સુધીમાં 3,538 બસો ખરીદવાના ઓર્ડર આપ્યા છે, જેમાં જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધીમાં 1,716 બસો માર્ગો પર દોડવા લાગી છે. કેન્દ્ર સરકારની યોજના હેઠળ જે બસો શરૂ કરવામાં આવી છે, તેમાં રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની 300 બસોનો સમાવેશ થાય છે.



દિલ્હી પરિવહન નિગમ માટે 300 બસો અને છેવાડાના વિસ્તાર સુધી પરિવહન માટે 100 ઈલેક્ટ્રિક બસો દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન માટે ખરીદવાની મંજૂરી ઑગસ્ટ 2019માં સરકાર દ્વારા આપવામાં આવી હતી. બસોની ખરીદી માટે દિલ્હી પરિવહન નિગમે અલગ-અલગ સમયે ઓર્ડર આપ્યા છે, જેમાંથી 250 બસોની ડિલિવરી થઈ ચૂકી છે. કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રાલયે પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા માટે વધુ 50 બસો પ્રદાન કરી છે. આ 300 બસો માટે કેન્દ્ર સરકાર DTCને 165 કરોડ રૂપિયાનું પ્રોત્સાહન આપશે.



## દેશમાં પ્રત્યક્ષ કર એકત્રીકરણમાં લગભગ 25%ની વૃદ્ધિ

દેશમાં પ્રત્યક્ષ કર એકત્રીકરણમાં લગભગ 20 ટકાનો વધારો થયો છે. નાણાકીય વર્ષ 2022-2023માં, 10 જાન્યુઆરી સુધીમાં, ભારતનું કુલ કર એકત્રીકરણ 24.58% વધીને 14.71 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, જેમાં વ્યક્તિગત આવકવેરા એકત્રીકરણનું યોગદાન ઘણું છે. આ બધા વચ્ચે રિફંડની રકમ બાદ કરીએ તો આ એકત્રીકરણ રૂ. 12.31 લાખ કરોડ થયું છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળા કરતાં 19.55 ટકા વધુ છે.

કોર્પોરેટ આવકવેરામાં 19.72 ટકા વૃદ્ધિ નોંધાઈ છે જ્યારે વ્યક્તિગત આવકવેરામાં 30.46 ટકાનો વધારો થયો છે. આ આંકડો વર્તમાન નાણાકીય વર્ષના બજેટમાં નિર્ધારિત કરાયેલા લક્ષ્યમાંથી 86.68 ટકા છે. બજેટમાં આ અનુમાન 14.20 લાખ કરોડ રૂપિયાનું મૂકવામાં આવ્યું છે.●

## આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ-2023

# માનવજાતને ભારતની ભેટ...

વર્ષ 2023 ભારત માટે ગૌરવપૂર્ણ વર્ષ તરીકે આવ્યું છે. G-20 સમૂહની અધ્યક્ષતા કરી રહેલા ભારતની પહેલને ધ્યાનમાં રાખીને, સંયુક્ત રાષ્ટ્રએ આ વર્ષને આંતરરાષ્ટ્રીય પોષણ વર્ષ (International Year of Milets) તરીકે જાહેર કર્યું છે. મોટા અનાજ (બરછટ અનાજ)ના મહત્વને ઓળખીને અને લોકોને પોષક ખોરાક પૂરો પાડવામાં અને સ્વદેશમાં તેમજ વૈશ્વિક માંગ ઊભી કરવામાં અગ્રેસર, ભારત આ વિશેષ વર્ષ દ્વારા વિશ્વ માટે એક પથ પ્રદર્શક બની રહ્યું છે...

**ચાલો, જાણીએ કે લોકો માટે બરછટ અનાજનું મહત્વ કેટલું છે અને કેવી રીતે આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ - 2023 એક સુરક્ષિત, ટકાઉક્ષમ અને સ્વસ્થ ભવિષ્યની દિશામાં એક જનઆંદોલનનો શુભારંભ કરશે.**



ભારતની લોકશાહીનું મંદિર કહેવાતા સંસદભવનમાં લગભગ દોઢ મહિના પહેલા, 20 ડિસેમ્બરના રોજ એક અનોખા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં દેશના ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, લોકસભાના અધ્યક્ષ, પૂર્વ પ્રધાનમંત્રીઓ, સંસદના બંને ગૃહોના નેતાઓ, વિવિધ રાજકીય પક્ષોના પ્રમુખો, સાંસદો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ માત્ર કોઈ એક રાજકીય કાર્યક્રમ કે ભોજન માટે મિલનનો કાર્યક્રમ ન હતો, પરંતુ તેનો હેતુ દરેક લોકોના પોષણ અને આરોગ્ય સાથે જોડાવાનો હતો. તેની પાછળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિચારસરણી એ હતી કે, ભારતના પ્રાચીન પોષક અનાજને ફરીથી ભોજનની થાળીમાં સન્માનજનક સ્થાન મળવું જોઈએ. જેની પ્રતીકાત્મક પહેલ સંસદ ભવનથી કરવામાં આવી હતી જેમાં ટોચના સ્તરના નીતિ-નિર્માતાઓએ પોતે ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું મહત્વ એટલા માટે પણ વધી જાય છે, કારણ કે દુનિયા આ વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે ઉજવી રહી છે, જેની શરૂઆત ભારત દ્વારા કરવામાં આવી છે.

મોટું અનાજ (મિલેટ્સ) એ માનવજાત માટે કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે, તેથી 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે ઉજવવામાં આવે એ વિશ્વ માનવજાત માટે કોઈ ભેટથી નાની વાત નથી. ભારતીય ભોજનમાં બરછટ અનાજનો ઉપયોગ કરવાની પરંપરા રહી છે, પરંતુ 1960ના દાયકામાં આવેલી હરિત ક્રાંતિ દ્વારા ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપવાને કારણે બાજરી પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું હતું. ધીરે ધીરે, તેના તરફનું ધ્યાન એટલું ઓછું થઈ ગયું કે લોકોની થાળીમાંથી આ ધાન્ય અદશ્ય થઈ ગયું. એટલું જ નહીં, પરંતુ વપરાશમાં ઘટાડો થવાને કારણે તેનું ઉત્પાદન પણ ઘટી ગયું. હરિત ક્રાંતિ પહેલાં, તમામ પાકના અનાજમાં મોટા ધાન્યનો હિસ્સો લગભગ 40 ટકા હતો, જે ત્યારપછીના વર્ષોમાં ઘટીને લગભગ 20 ટકા થઈ ગયો.પહેલા જે વિસ્તારોમાં તેનો ઉછેર કરવામાં આવતો હતો તેનું સ્થાન રોકડિયા પાકો, કઠોળ, તેલિબિયાં અને મકાઈએ લઈ લીધું. આ રોકડિયા પાકો નફાકારક હોય છે અને તેમના ઉત્પાદનને સબસિડી, સરકારી ખરીદી અને જાહેર વિતરણ પ્રણાલીમાં તેમના સમાવેશ જેવી અનેક નીતિઓ દ્વારા સમર્થન મળે છે. આ બધાની વચ્ચે, ખાવાની આદતોમાં આવેલા પરિવર્તન સાથે, લોકો કેલરીથી ભરપૂર સૂક્ષ્મ અનાજને થાળીમાં પ્રાથમિકતા આપવા લાગ્યા.






"સદીમાં એકાદ વખત આવતી મહામારી પછીના સંઘર્ષની સ્થિતિએ બતાવી દીધું છે કે ખાદ્ય સુરક્ષા હજુ પણ પૃથ્વી માટે ચિંતાનો વિષય છે. આબોહવા પરિવર્તનથી ખાદ્યાન્નની ઉપલબ્ધતાને પણ અસર થઈ શકે છે. આવા સમયે, બાજરી પર વૈશ્વિક આંદોલન એ એક મહત્વપૂર્ણ પગલું છે, કારણ કે તે ઉગાડવામાં સરળ છે, આબોહવા સ્થિતિસ્થાપક અને દુષ્કાળ પ્રતિરોધક છે."

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

દેશમાં મિલેટ્સ (બાજરી) કોઈ નવી વાત નથી. અગાઉ ગ્રામીણ માહોલમાં ઓછી સગવડો વચ્ચે એવા તાણા-વાણા રહેતા હતા કે નાના ખેડૂતો પણ પોતાની જરૂરિયાત મુજબ અનાજનું ઉત્પાદન કરતા હતા. પરિવારની જરૂરિયાતો પૂરી કર્યા બાદ જે અનાજ વધ્યું હોય તેને બજારમાં લઈ જવામાં આવતું હતું. ધીમે ધીમે ખેતીમાં વધુ ને વધુ નફો મેળવવાની સ્પર્ધા થવા લાગી. ખેતી કમાણીનું સાધન બની ગઈ અને આ દરમિયાન ઘઉં તેમજ ડાંગર પર ખેડૂતોની નિર્ભરતા વધી. ભારતીય ખેડૂતો દેશને પૂરતું ખાદ્યાન્ન પૂરું પાડવા સક્ષમ છે, તેમજ દુનિયામાં પણ અન્નનો પૂરવઠો પહોંચાડે છે. હવે જ્યારે દેશ ખાદ્યાન્ન અને બાગાયતના મોટા ભાગના ઉત્પાદનમાં અગ્રેસર છે ત્યારે પોષક અનાજ પર ધ્યાન આપવું જરૂરી છે. આજે પોષણની જરૂર છે, સંશોધન પણ ઊંડાણપૂર્વક થઈ રહ્યું છે, તેનું ખૂબ બારીકાઈથી વિશ્લેષણ થઈ રહ્યું છે. ઠેર ઠેર ચર્ચાઓ થઈ રહી છે, વિદ્વાનો ચિંતન કરી રહ્યાં છે અને કહેવામાં આવી રહ્યું છે કે સારા સ્વાસ્થ્ય માટે મિલેટ્સ જરૂરી છે. આ અંગે પ્રધાનમંત્રી મોદી જણાવે છે કે, આપણે મિલેટ્સ માટે કામ કરવું જોઈએ. તેમણે કરેલી પહેલ પર યોગની જેમ દેશ અને દુનિયામાં મિલેટ્સનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીના આહ્વાન પર મિલેટ્સનો વપરાશ વધી રહ્યો છે અને ઉત્પાદન પણ વધી રહ્યું છે.

આ પૃષ્ઠભૂમિમાં, ભારત સરકારે દેશમાં પોષણ સુરક્ષાના નિર્માણમાં મોટા અનાજના મહત્વને અનુભવ્યું અને આ દિશામાં ઘણા પ્રયત્નો કર્યા. જેમ કે મોટા અનાજને પોષક અનાજ તરીકે માન્યતા આપવી, વર્ષ 2018માં રાષ્ટ્રીય પોષક અનાજ વર્ષની ઉજવણી, સંયુક્ત રાષ્ટ્ર



# પોષક અનાજ વર્ષ: 72 દેશોએ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે



મોટું અનાજ (જુવાર, બાજરી, રાગી વગેરે) એ માનવજાત માટે જાણીતી સૌથી જૂના ખાદ્યન્ન પૈકી ગણાય છે. મોટું અનાજ એવો પ્રથમ પાક છે જેની ખેતી ભારતમાં કરવામાં આવી હતી. આવા ઘણા પુરાવા મળ્યા છે, જે દર્શાવે છે કે સિંધુ ખીણની સંસ્કૃતિ દરમિયાન મોટું અનાજ ખાવામાં આવતું હતું. મોટા અનાજના આ મહત્વને ઓળખીને, લોકોને પોષક ખોરાક પૂરો પાડવા અને સ્થાનિક તેમજ વૈશ્વિક માંગ ઊભી કરવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં મહત્વની ભૂમિકા નિભાવી. ભારતના આ પ્રસ્તાવને 72 દેશોએ સમર્થન આપ્યું હતું અને માર્ચ 2021માં જ સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કર્યું હતું.

"હું, 2023ના આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષના શુભારંભ બદલ સંયુક્ત રાષ્ટ્ર તેમજ ખાદ્ય અને કૃષિ સંગઠનને અભિનંદન આપવા માંગુ છું. હું એવા વિવિધ સભ્ય દેશોની પણ પ્રશંસા કરું છું જેમણે આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષને અંકિત કરવાના અમારા પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. બાજરીનો ઈતિહાસ ગૌરવશાળી રહ્યો છે. ભૂતકાળમાં આ ધાન્ય એક મહત્વપૂર્ણ ખોરાક સ્રોત રહ્યા છે પરંતુ હવે સમયની માંગ છે કે, તેને ભવિષ્ય માટે ખોરાકનો વિકલ્પ બનાવવામાં આવે."

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

મહાસભામાં આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષની ઉજવણી કરવાનો પ્રસ્તાવ મૂકવો અને અન્ય ઘણી નાના પાયાની નીતિઓ તેમાં સામેલ છે.

## કોવિડ મહામારી અને મોટા અનાજનું મહત્વ

કોવિડ મહામારીએ દરેકને આરોગ્ય અને પોષણ સુરક્ષાના મહત્વનો અહેસાસ કરાવ્યો છે. ત્રણ-C એટલે કે કોવિડ, કોન્ફ્લિક્ટ (સંઘર્ષ) અને ક્લાઈમેટ (આબોહવા)એ એક યા બીજી રીતે ખાદ્ય સુરક્ષાને અસર કરી છે. આવી સ્થિતિમાં ખાદ્ય ચીજોમાં પોષણનો સમાવેશ કરવો ખૂબ જ જરૂરી છે. આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષની ઉજવણીને કારણે મિલેટ્સના સ્થાનિક અને વૈશ્વિક વપરાશમાં વધારો થશે, જેનાથી રોજગારીમાં પણ વધારો થશે અને અર્થતંત્ર મજબૂત થશે. ભારતીય પરંપરા, સંસ્કૃતિક, ચલણો, સહજ ઉત્પાદનો અને પ્રકૃતિ દ્વારા જે કંઈપણ આપવામાં આવ્યું છે, તે કોઈપણ મનુષ્યને સ્વસ્થ રાખવા માટે ચોક્કસથી પરિપૂર્ણ છે, પરંતુ

# મોટા અનાજને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારની મુખ્ય પહેલ

- **મહત્વ:** બાજરીના પોષક તત્વોને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે એપ્રિલ 2018માં બરછટ અનાજને પોષક અનાજ તરીકે અધિસૂચિત કર્યું છે.
- **જાગૃતિ:** રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ, પોષક અનાજ માટે પ્રદર્શન અને તાલીમ દ્વારા રાગી, જુવાર, બાજરી અને અન્ય ઘણા બરછટ અનાજ જેવા પોષક અનાજ માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવામાં આવી રહી છે.
- **સંશોધન-સ્ટાર્ટઅપ્સ:** સંશોધન અને વિકાસ સહાયતા દ્વારા બરછટ અનાજને લોકપ્રિય બનાવવામાં આવી રહ્યું છે. મોટા અનાજના વપરાશને પ્રોત્સાહન આપતી વાનગીઓ અને ઉત્પાદનો વિકસાવવા માટે સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકોને પણ સહાય આપવામાં આવી રહી છે.
- **બાયો-ફોર્ટિફાઈડ પ્રજાતિઓ:** વર્ષ 2018 થી ફેબ્રુઆરી 2022 સુધીમાં મોટા અનાજની આઠ બાયો-ફોર્ટિફાઈડ પ્રજાતિઓ/સંકર જાતોને ખેતી માટે બહાર પાડવામાં આવી છે.
- **નિકાસને પ્રોત્સાહન:** વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય તેની સર્વોચ્ચ કૃષિ નિકાસ પ્રોત્સાહન સંસ્થા, એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) દ્વારા પોષક અનાજની નિકાસને પ્રોત્સાહન આપવા માટે ડિસેમ્બર 2022થી સમગ્ર વિશ્વમાં એક વ્યાપક વ્યૂહરચના અમલમાં મૂકવામાં આવી છે.
- **ઈ-કેટલોગ્સ:** ભારતીય બરછટ અનાજ અને ઉત્પાદનોના પ્રચાર માટે, કેન્દ્રએ લક્ષિત દેશોમાંના દરેક પર 30 ઈ-કેટલોગ તૈયાર કર્યા છે. વિવિધ ભારતીય મોટા અનાજ અને નિકાસ માટે ઉપલબ્ધ ઉત્પાદનોની શ્રેણી, સક્રિય નિકાસકારો, સ્ટાર્ટઅપ્સ, ખેડૂત ઉત્પાદક સંગઠનો અને આયાતકારો/રિટેલ શ્રૃંખલા/હાઈપરમાર્કેટ વગેરેનો સમાવેશ થાય છે. તે વિદેશમાં ભારતીય દૂતાવાસો, આયાતકારો, નિકાસકારો, સ્ટાર્ટઅપ્સ અને હિતધારકોને આપવા માટે છે.
- **વૈશ્વિક ભાગીદારી:** NITI આયોગે 20 ડિસેમ્બર 2021ના રોજ સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ ખાદ્ય કાર્યક્રમ સાથે આશય પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારી બરછટ અનાજને મુખ્ય પ્રવાહમાં લાવવા અને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ-2023નો એક તક તરીકે ઉપયોગ કરીને વૈશ્વિક સ્તરે જ્ઞાનની વહેંચણીમાં ભારતને સમર્થન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- **બ્રાન્ડિંગ પર ભાર:** કેન્દ્રીય બજેટ 2022-23માં પણ ભાર મૂકવામાં આવ્યો છે કે લણણી પછીના મૂલ્યવૃદ્ધિ, સ્થાનિક વપરાશમાં વધારો અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બરછટ અનાજના ઉત્પાદનોની બ્રાન્ડિંગ માટે સહાય પૂરી પાડવામાં આવશે.
- **કોર્પોરેટ જગતે આગળ આવવું જોઈએ:** કૃષિ ક્ષેત્ર પર કેન્દ્રીય બજેટ 2022-23ના સકારાત્મક પ્રભાવની કાર્યયોજના અંગે 24 ફેબ્રુઆરી 2022ના રોજ યોજાયેલા વેબિનારમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોર્પોરેટ જગતને ભારતીય બરછટ અનાજના બ્રાન્ડિંગ, પેકેજિંગ અને પ્રચારમાં આગળ આવવા માટે હાકલ કરી હતી.
- **કેન્ટીનમાં ફરજિયાત:** મોટા અનાજના વપરાશ અને તેના સ્વાસ્થ્ય લાભોને પ્રોત્સાહન આપવા માટે, કેન્દ્ર સરકારે તમામ વિભાગીય કચેરીઓને તેમની કેન્ટીન અને બેઠકોમાં બરછટ અનાજમાંથી બનાવેલા ખોરાકને પ્રોત્સાહન આપવા અને પીરસવા માટે નિર્દેશ આપ્યો છે.
- **પોષણ અભિયાન:** બાળકોમાં પોષણમાં વધારો કરવા માટે, કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને PM પોષણ યોજના હેઠળ મોટા અનાજનો સમાવેશ કરવાની શક્યતાઓ શોધી કાઢવાની વિનંતી કરી છે, જેમાં મોટા અનાજને સાંસ્કૃતિક રીતે સામેલ કરવાનું સ્વીકૃત છે તેવા જિલ્લાઓને પ્રાધાન્ય આપવામાં આવી છે.
- **ભારત માટે તક:** વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કરીને, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સમગ્ર દુનિયામા મોટા અનાજના વાવેતર હેઠળનો વિસ્તાર વધારવાની દિશામાં કામ કર્યું છે. વિશ્વમાં બરછટ અનાજનું સૌથી મોટું ઉત્પાદક ભારત હોવાની સાથે સાથે તે આ તકનો લાભ લેવા વ્યાપક લાભ લેવાની દિશામાં પગલાં ભરી રહ્યું છે.



**બરછટ અનાજ સર્વશ્રેષ્ઠ છે:** સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા રોમ (ઈટાલી)માં યોજવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષના શુભારંભ કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ બરછટ અનાજને ભવિષ્ય માટે ખોરાકનો વિકલ્પ બનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે એ પણ સમજાવ્યું હતું કે, કેવી રીતે આબોહવા પરિવર્તન ખોરાકની ઉપલબ્ધતા પર અસર કરી રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "બરછટ અનાજ ઉપભોક્તા, ખેડૂતો અને ક્લાઈમેટ માટે તે સારું છે."

# બરછટ અનાજ શરીરને આ રીતે મજબૂત બનાવે છે

હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. ડાયાબિટીસથી પીડિત લોકો માટે યોગ્ય ખોરાક છે. લોહીમાં સુગરની અનિયંત્રિત વૃદ્ધિને અટકાવે છે.

શરીરના કોષોને નુકસાન થતું અટકાવે છે. કોલોન કેન્સર અને હૃદય સંબંધિત બીમારીનું જોખમ ઓછું કરે છે.

તેમાં પુષ્કળ પ્રમાણમાં આયર્ન મળી આવે છે, તેથી શરીરમાં લોહી વધારવામાં ઉપયોગી છે.

વિટામીન E થી ભરપૂર હોવાથી શરીરના ટીશ્યૂ (પેશીઓ)ને ઈજા સામે રક્ષણ આપે છે.




નર્વસ સિસ્ટમને મજબૂત બનાવવામાં મદદરૂપ ધાન્ય છે.

હાડકાના વિકાસમાં અને શરીરમાં લોહીની ઊણપ દૂર કરવામાં મદદરૂપ છે.

ડિપ્રેશન અને લો બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે. તે શરીરને નુકસાન પહોંચાડતા ઘટકોને પણ અટકાવે છે.

કંગની અથવા ટાંગુન- કેલ્શિયમની પૂરતી માત્રા, હાડકાંને મજબૂત બનાવે છે અને ઓસ્ટિયોપોરોસિસ બીમારીને રોકવામાં પણ મદદ કરે છે.

## બરછટ અનાજ શું છે?

- બરછટ અનાજ સામાન્ય રીતે નાના અનાજ પાકોની શ્રેણીમાં આવે છે. તેમને ઘણીવાર પોષક અનાજ અથવા ઓછા પાણીના અનાજ પણ કહેવામાં આવે છે. તેમાં જુવાર, બાજરી, રાગી, કુટકી, કાકુન, ચીના, સવા, કોડો અને અન્ય બાજરીનો સમાવેશ થાય છે.
- મોટું અનાજ એ નિયમિત માત્રાનો પાક છે, જે સૂકી જમીનમાં ઉગે છે. તે ઓછા પાણીવાળા વિસ્તારોમાં ઉગે છે. ભારતમાં બરછટ અનાજ મુખ્યત્વે ઓછાથી મધ્યમ સ્તરના વરસાદ (200-800 મિમી)વાળા રાજ્યોમાં ઉગાડવામાં આવે છે.
- મોટા અનાજનો ઉપયોગ ખોરાક, ચારો, બાયોફ્યુઅલ અને દારૂ બનાવવા માટે થાય છે. તેથી જ બરછટ અનાજને સ્માર્ટ ફૂડ કહેવામાં આવે છે કારણ કે તે ગ્રાહકો, ખેડૂતો અને પૃથ્વી માટે વધુ સારા છે.

કેટલીકવાર સમય નીકળી જાય છે અને આધુનિકતાના નામે વ્યસ્તતાના કારણે આપણે ધીરે ધીરે સારી વસ્તુઓ ભૂલી જઈએ છીએ અને પ્રગતિના નામે આપણે આપણા જીવનમાં બીજી ઘણી વસ્તુઓ અપનાવીએ છીએ. પ્રગતિ કરવી આવશ્યક છે, પરંતુ જો પ્રગતિનો પ્રકૃતિ સાથે સુમેળ હોય તો તે માનવજીવન અને દેશ માટે વધારે સારું રહે છે. આજે આપણે ઘણી વસ્તુઓ શોધીએ છીએ અને તેને મોંઘા ભાવે ખરીદીએ છીએ. તેમાંથી ઘણી એવી વસ્તુઓ છે, જેમના બીજ કોઈએ સાચવ્યા નથી અથવા જે ખેડૂતો તેનું વાવેતર પણ નથી કરતા, પરંતુ આજે પણ તેઓ ઋતુ પ્રમાણે કુદરતી રીતે પેદા થાય છે. જે લોકોને તે વસ્તુઓની ગુણવત્તા ખબર પડી ગઈ છે, તેઓ તેનો ઉપયોગ કરે છે. ઈશ્વરે સંતુલનનું પણ ધ્યાન રાખ્યું છે. તે વાત ધ્યાનમાં લેવા યોગ્ય છે કે, કોવિડ કોઈ પ્રથમ મહામારી ન હતી, પરંતુ ચોક્કસપણે તે છેલ્લી પણ નહીં હોય. જો ભવિષ્યમાં મહામારી ફેલાય તો આ મહામારી વધુ ખરાબ થઈ શકે છે, જે મહામારી દરમિયાન ખાદ્ય સુરક્ષાની તૈયારીમાં



આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષની ઉજવણી વધુ મહત્વપૂર્ણ બની જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, બાજરી એ મનુષ્ય દ્વારા ઉગાડવામાં આવતા પ્રથમ પાકો પૈકી એક છે. પોષક તત્વોના મહત્વના સ્રોત તરીકે, બાજરીને ભવિષ્ય માટે ખોરાકનો વિકલ્પ બનાવવા પર ભાર મૂકવામાં આવે તે મહત્વપૂર્ણ છે.

## મોટું અનાજ નહીં, પોષક અનાજ કહો

બાજરીને ઘણીવાર એક પ્રાચીન અનાજ માનવામાં આવે છે. તેનો ઈતિહાસ છે કે, આપણા દ્વારા જે આધુનિક અનાજનો વપરાશ કરવામાં આવે છે તેની પહેલાનું અનાજ બાજરી છે. વાસ્તવમાં, સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી પ્રાપ્ત થયેલી કેટલીક કલાકૃતિઓ અનુસાર, સિંધુ ખીણમાં મોટું અનાજ મળી આવતું હતું અને જ્યાં સુધી ભારતનો સંબંધ છે, આપણે વિશ્વના સૌથી મોટા ઉત્પાદક છીએ. ભારતમાં લગભગ 1.8 કરોડ ટન મિલેટ્સનું ઉત્પાદન થાય છે, જે વૈશ્વિક ઉત્પાદનના લગભગ 20% છે. વિશ્વના 200 દેશોમાંથી લગભગ 130 દેશો કોઈને કોઈ સ્વરૂપે પોષક અનાજનું ઉત્પાદન કરે છે. ભારત નવ પ્રકારના પોષક અનાજનું ઉત્પાદન કરે છે. ફૂડ પ્રોસેસિંગમાં પોષણ સુરક્ષા માટેના ઉકેલો પણ છે. ઉદાહરણ તરીકે, મોટું અનાજ અને બાજરીમાં ઉચ્ચ પોષક મૂલ્ય હોય છે. તેઓ વિષમ કૃષિ આબોહવાની પરિસ્થિતિઓનો પણ સામનો કરી શકે છે. તેમને 'પોષણથી ભરપૂર અને આબોહવા સ્થિતિસ્થાપક' પાક પણ કહી શકાય. મોટું અનાજ એટલે પોષક તત્વો ધરાવતું અનાજ, તેમાં પોષકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. અત્યારે આપણે જે અનાજ ખાઈએ છીએ તેના કરતાં ઘણું સારું છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ તે સૌથી શ્રેષ્ઠ છે. આ ઉપરાંત, તેને ઉગાડવામાં આવે છે ત્યાં ખેડૂતો નાના છે, તે અનાજ બિનપિયત વિસ્તારોમાં ઉત્પન્ન થાય છે. વિશુદ્ધરૂપે તેને જૈવિક ખેતી પણ કહી શકાય કારણ કે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ નહીંવત છે. મોટા અનાજ તરીકે જેને નકારી કાઢવામાં આવ્યું હતું તે અનાજ હવે સુપર ફૂડ તરીકે ઓળખવામાં આવે છે. ખેડૂતોને સારા ભાવ મળે તે માટે તેની માંગ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.





શાકાહારી ખોરાકની વધતી જતી માંગને પહોંચી વળવા માટે બાજરી વૈકલ્પિક ખાદ્ય પ્રણાલી પૂરી પાડે છે. બાજરી સંતુલિત આહાર તેમજ સલામત વાતાવરણની રચનામાં યોગદાન આપે છે. તે માનવજાત માટે કુદરતી બક્ષિસ છે. ભારતીય મિલેટ્સ એ પોષક રીતે ભરપૂર, દુષ્કાળ સહિષ્ણુ પાકોનો એક સમૂહ છે જે મોટાભાગે ભારતના શુષ્ક અને અર્ધ-શુષ્ક પ્રદેશોમાં ઉગાડવામાં આવે છે. તે એક પ્રકારનું નાનું બીજવાળું ઘાસ છે જે વાનસ્પતિક પ્રજાતિ "પોએસી" સાથે સંબંધ ધરાવે છે. તે લાખો સંસાધન-રહિત ગરીબ ખેડૂતો માટે ખોરાક અને તેમના પશુઓ માટે ચારાનો એક મહત્વપૂર્ણ સ્રોત છે. ભારતની પર્યાવરણીય અને આર્થિક સુરક્ષામાં તે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ બાજરીને 'બરછટ અનાજ' અથવા 'ગરીબોના અનાજ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય મિલેટ્સમાં પ્રોટીન, વિટામિન અને ખનીજો ભરપૂર માત્રામાં હોય છે. તે ગ્લુટેન-મુક્ત પણ હોય છે અને તેનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે, જેના કારણે સેલિયાક રોગ અથવા ડાયાબિટીસ ધરાવતા લોકો માટે તે આદર્શ ધાન્ય કહેવાય છે.

મહામારીએ નાના અને સીમાંત ખેડૂતોની આવક વધારવાની જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું છે અને બાજરી તેના માટે શ્રેષ્ઠ વિકલ્પોમાંથી એક સાબિત થઈ શકે છે. બાજરી એ આબોહવા સ્થિતિસ્થાપક પાક છે જે પાણીના ઓછા વપરાશ, ઓછા કાર્બન ઉત્સર્જન અને દુષ્કાળમાં પણ ઉત્પન્ન કરી શકાય છે. આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ, ખાદ્ય સુરક્ષા અને પોષણમાં બાજરીના યોગદાન અંગે જાગૃતિ વધારશે, બાજરીના ઉત્પાદનને ટકાવી રાખવા અને તેની ગુણવત્તા સુધારવા માટે હિતધારકોને પ્રોત્સાહિત કરશે. સાથે સાથે, તે સંશોધન અને વિકાસ કાર્યમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે ધ્યાન આકર્ષિત કરશે.

## મિલેટ્સમાં ભારત પથ પ્રદર્શક બની રહ્યું છે

ભારત સરકારે મિલેટ્સ એટલે કે પોષક અનાજને દેશ અને વિદેશમાં લોકપ્રિય બનાવવા માટે એક પહેલ શરૂ કરી છે. તેનો સ્વાદ તેની વિશેષતા છે. ભારતનો ઉદ્દેશ્ય માત્ર મિલેટ્સની નિકાસ કરવાનો નથી, પરંતુ દરેક લોકો સુધી તે પહોંચે અને તેમના



# ભારત આ રીતે પોષક અનાજ વર્ષમાં આંતરરાષ્ટ્રીય મંચ પર છવાઈ જશે

- ભારતીય બરછટ અનાજની નિકાસને પ્રોત્સાહન આપવા માટે, કેન્દ્રએ 16મા આંતરરાષ્ટ્રીય વેપાર એક્સ્પો અને ખરીદનાર-વિક્રેતા બેઠકોમાં નિકાસકારો, ખેડૂતો અને વેપારીઓની સહભાગીતાને સરળ બનાવવાની યોજના તૈયાર કરી છે.
- મોટા અનાજનો પ્રચાર કરવા માટે ભારતની મજબૂત નીતિ અનુસાર, ભારતીય મોટા અનાજના બ્રાન્ડિંગ અને પ્રચારમાં ભારતીય મિશનોનો સહયોગ લેવામાં આવશે, આંતરરાષ્ટ્રીય શેફ (રસોઈયાઓ)ની સાથે સાથે ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, સુપર માર્કેટ અને હાઈપર માર્કેટ જેવા સંભવિત ખરીદદારોની ઓળખ કરવામાં આવી છે જેથી કરીને બિઝનેસ-2-બિઝનેસ બેઠકનું આયોજન કરી શકાય છે અને સીધો સંપર્ક કરી શકાય છે.
- લક્ષિત દેશોના ભારતમાં વિદેશી મિશનના રાજદૂતો અને સંભવિત આયાતકારોને 'રેડી ટુ ઈટ' બરછટના ઉત્પાદનોનો સહિત વિવિધ મોટા અનાજના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા માટે અને બિઝનેસ-2-બિઝનેસ બેઠકોમાં મદદ માટે આમંત્રિત કરવામાં આવશે.
- દક્ષિણ આફ્રિકા, દુબઈ, જાપાન, દક્ષિણ કોરિયા, ઈન્ડોનેશિયા, સાઉદી અરબ, સિડની, બેલ્જિયમ, જર્મની, બ્રિટન અને અમેરિકામાં મોટા અનાજને પ્રોત્સાહન આપવા માટેના કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. કૃષિ મંત્રાલયના સંબંધિત વિભાગો આ માટે કેટલાક મહત્વપૂર્ણ ફૂડ શો, ખરીદનાર-વિક્રેતા બેઠક અને રોડ શોમાં ભારતના વિવિધ હિતધારકોની સહભાગીતામાં મદદ કરશે.
- ભારતીય મોટા અનાજને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે, APEDA એ ગુલફૂડ 2023, ફૂડેક્સ, સોલ ફૂડ એન્ડ હોટેલ શો, સાઉદી એગ્રો ફૂડ, સિડની (ઑસ્ટ્રેલિયા)માં ફાઈન ફૂડ શો, બેલ્જિયમમાં ફૂડ એન્ડ બેવરેજિસ શો, જર્મનીમાં બાયોફેક અને અનુગા ફૂડ ફેર, સાન ફ્રાન્સિસ્કોના વિન્ટર ફેન્સી ફૂડ શો જેવા વૈશ્વિક પ્લેટફોર્મ પર મોટા અનાજ અને તેના મૂલ્ય વર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- કેન્દ્રની મોટા અનાજની નીતિ અનુસાર લુલુ ગ્રૂપ, કેરેફોર, અલ જઝીરા, અલ માયા, વોલમાર્ટ જેવા મુખ્ય આંતરરાષ્ટ્રીય રિટેલ સુપરમાર્કેટને જોડવામાં આવશે જેથી મોટા અનાજના બ્રાન્ડિંગ અને પ્રમોશન માટે મિલેટ્સ કોર્નરો ઉભા કરી શકાય.
- APEDA એ તેની વેબસાઈટ પર બરછટ અનાજ માટે એક અલગ વિભાગ પણ બનાવ્યો છે અને હિતધારકોની માહિતી માટે દેશ અનુસાર અને રાજ્ય અનુસાર ઈ-કેટલોગ અપલોડ કરવામાં આવ્યા છે.

સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવે તેવો પણ ઉદ્દેશ છે. ભારતે આ અનાજ વિશે એવા સમયે વિચાર્યું છે જ્યારે દુનિયા કોવિડ જેવી મહામારીથી પીડિત હતી. ભારત સરકાર તેને વિશ્વમાં ફેલાવવા માટે આયોજન કરી રહી છે. તમામ એજન્સીઓ અને દૂતાવાસોના તમામ કાર્યક્રમોમાં ભારતના પોષક અનાજને વધુ સારી રીતે પીરસવાનો સરકારનો પ્રયાસ છે. તેની વિશેષતા લોકોને જણાવવામાં આવે તેવો પ્રયાસ છે અને આ પ્રક્રિયા આખું વર્ષ ચાલશે. G-20ની અધ્યક્ષતા કરી રહેલું ભારત તેના તમામ કાર્યક્રમોમાં મોટા અનાજમાંથી બનેલી ઓછામાં ઓછી એક વાનગી પણ પીરસે છે. પ્રારંભિક બેઠકમાં, મેઈન કોર્સના મેનુમાં મહેમાનો સામે બાજરીની ઘણી વાનગીઓ પીરસવામાં આવી હતી. સમગ્ર વિશ્વમાં બરછટ અનાજ તરફનું વલણ વધી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી, જ્યારે પણ કોઈ વિદેશી મહેમાન અથવા દેશના વડા ભારતની મુલાકાતે આવે છે, ત્યારે પ્રધાનમંત્રી મોદીનો પ્રયાસ રહે છે કે, ભારતીય મોટા અનાજમાંથી બનેલી વાનગીઓ તેમને પીરસવામાં આવે. વિદેશી મહેમાનો પણ આ વાનગીને ખૂબ પસંદ કરે છે.

> છેલ્લા કેટલાક સમયથી, જ્યારે પણ કોઈ વિદેશી મહેમાન અને રાષ્ટ્રના પ્રમુખ ભારત આવે છે, ત્યારે હું ભોજનમાં બરછટ અનાજમાંથી બનેલી વાનગી સામેલ કરાવવાનો પ્રયત્ન કરું છું. આનો અનુભવ એવો રહ્યો છે કે, આ મહાનુભાવોને આ ડીશ ખૂબ ગમે છે અને આપણા બરછટ અનાજને લગતી ઘણી બધી માહિતી એકઠી કરવાનો પ્રયાસ પણ કરે છે. હું આપણા ખેડૂત ભાઈઓ અને બહેનોને વિનંતી કરું છું કે શક્ય હોય ત્યાં સુધી વધુ પ્રમાણમાં બરછટ અનાજ અપનાવો અને તેનો લાભ લો. આજે એવા ઘણા સ્ટાર્ટઅપ્સ ઉભરી રહ્યા છે, જેઓ મિલેટ્સ પર કામ કરી રહ્યા છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

- આંતરરાષ્ટ્રીય બજારમાં મોટા અનાજ અને તેના મૂલ્યવર્ધિત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે સરકારે પાંચ વર્ષની વ્યૂહાત્મક યોજના તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે.
- કેન્દ્રએ મોટા અનાજ સહિતના સંભવિત ઉત્પાદનોની નિકાસને વેગ આપવા અને પૌષ્ટિક અનાજોની પુરવઠા સાંકળમાં આવતા અવરોધોને દૂર કરવા માટે ન્યુટ્રિગ્રેન્સ એક્સપોર્ટ પ્રમોશન ફોરમની સ્થાપના કરી છે.
- DGCISના ડેટા અનુસાર, ભારતે નાણાકીય વર્ષ 2021-22માં બરછટ અનાજની નિકાસમાં 8.02 ટકાની વૃદ્ધિ નોંધાવી છે, કારણ કે 159,332.16 મેટ્રિક ટન બરછટ અનાજની નિકાસ કરવામાં આવી હતી, જ્યારે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન બરછટ અનાજની નિકાસ 147,501.08 મેટ્રિક ટન હતી.
- મુખ્ય દેશો કે જેમાં ભારત બરછટ અનાજની નિકાસ કરે છે તેમાં સંયુક્ત આરબ અમીરાત, નેપાળ, સાઉદી અરબ, લિબિયા, ઓમાન, ઈજિપ્ત, ટ્યુનિશિયા, યમન, બ્રિટન અને અમેરિકા છે. ભારત દ્વારા નિકાસ કરવામાં આવતા બરછટ અનાજમાં બાજરી, રાગી, કનેરી, જુવાર અને કુટ્ટુનો સમાવેશ થાય છે. 16 મુખ્ય પ્રકારની પ્રજાતિના બરછટ અનાજનું ઉત્પાદન અને નિકાસ કરવામાં આવે છે. તેમાં જુવાર, બાજરી, રાગી, કંગની, ચીના, કોદો, સવા/સાંવા/ઝાંગોરા, કુટકી, કુટ્ટુ, અમરન્થ અને બ્રાઉન ટોપ મિલેટનો સમાવેશ થાય છે.
- APEDA એ મૂલ્ય વર્ધન અને ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે IIMR સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર પણ કર્યા છે. APEDA એ એશિયાના સૌથી મોટા બિઝનેસ-2-બિઝનેસ આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને આતિથ્ય મેળા – આહાર મેળા દરમિયાન રૂ. 5 થી રૂ. 15 સુધીના પોસાય તેવા ભાવે તમામ વય જૂથના લોકો માટે વિવિધ પ્રકારના બરછટ અનાજ ઉત્પાદનો લોન્ચ કર્યા.

## બાજરીનું વૈશ્વિક પરિદૃશ્ય

### બાજરીનો પ્રદેશ અને ઉત્પાદનનું ક્ષેત્રફળ (2019)

| પ્રદેશ | ક્ષેત્રફળ (લાખ હેક્ટર) | ઉત્પાદન (લાખ ટન) |
|---|---|---|
| આફ્રિકા | 489 | 423 |
| અમેરિકા | 53 | 193 |
| એશિયા | 162 | 215 |
| યુરોપ | 8 | 20 |
| ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ | 6 | 12 |
| ભારત | 138 | 173 |
| વિશ્વ | 718 | 863 |

- ભારતઃ 170 લાખ ટન (એશિયાના 80% અને વૈશ્વિક ઉત્પાદનના 20%) ઉત્પાદન કરે છે
- વૈશ્વિક સરેરાશ ઉપજઃ 1229 કિલો/હેક્ટર, ભારત (1239 કિલો/હેક્ટર)

**આ વિશેષ વર્ષ ટકાઉક્ષમ કૃષિમાં મોટા અનાજની મહત્વની ભૂમિકા, સ્માર્ટ અને સુપર ફૂડ તરીકે તેના ફાયદાઓ વિશે દુનિયાભરમાં જાગૃતિ ફેલાવવામાં મદદ કરશે. આ વિશેષ વર્ષનો ઉદ્દેશ મુખ્યત્વે ચાર તકો પ્રદાન કરવાનો છે. પ્રથમ - ખાદ્ય સુરક્ષામાં મોટા અનાજના યોગદાનમાં વધારો કરવો, બીજી - વૈશ્વિક ઉત્પાદનમાં વૃદ્ધિ, ત્રીજી - કાર્યક્ષમ પ્રસંસ્કરણ, પરિવહન, સંગ્રહ અને વપરાશની ખાતરી કરવી. ચોથી – હિતધારકોની સહભાગીતા સાથે બરછટ અનાજનું ટકાઉક્ષમ ઉત્પાદન અને ગુણવત્તા.**

ભારત સરકારની આ પહેલ ટકાઉક્ષમ ખેતીમાં બાજરીની મહત્વની ભૂમિકા, સ્માર્ટ અને સુપરફૂડ તરીકે તેના ફાયદાઓ વિશે વિશ્વભરમાં જાગૃતિ ફેલાવવામાં મદદ કરશે. ભારત 1.8 કરોડ ટનથી વધુ ઉત્પાદન સાથે બાજરીનું વૈશ્વિક હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. એશિયામાં ઉત્પાદિત બાજરીના કુલ જથ્થામાંથી 80 ટકાથી વધુ ઉત્પાદન ભારત કરે છે. તે ખોરાક માટે ઉપયોગમાં લેવાતા પ્રથમ પાક પૈકીનો એક હતો. તે લગભગ 131 દેશોમાં ઉગાડવામાં આવે છે અને એશિયા તેમજ આફ્રિકાના લગભગ 60 કરોડ લોકો માટે પરંપરાગત ખોરાક છે. ભારત સરકારની પહેલ પર તેને એક જન આંદોલન બનાવવા માટે આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ ઉજવવામાં આવી રહ્યું છે, જેથી ભારતીય બાજરી, વાનગીઓ અને મૂલ્ય વર્ધિત ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવે. વૈશ્વિક ઉત્પાદન વધારવા, કાર્યક્ષમ પ્રસંસ્કરણ અને વપરાશ સુનિશ્ચિત કરવા, પાક ચક્રના વધુ સારા ઉપયોગને પ્રોત્સાહન આપવા અને ખાદ્ય ચીજવસ્તુઓમાં ચાવીરૂપ ઘટક તરીકે બાજરીને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર ખાદ્ય પ્રણાલીઓમાં

# બાજરી: પોષક અનાજ




ભારતનું બાજરીનું ઉત્પાદન ક્ષેત્ર



“હું સકારાત્મક છું કે આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ -2023, સલામત, ટકાઉક્ષમ અને સ્વસ્થ ભવિષ્યની દિશામાં જન આંદોલનનો આરંભ કરશે. રાજ્યોએ મોટા અનાજના ઉત્પાદનો સંબંધિત રીસર્ચ પર કામ કરવું જોઈએ જેમ કે, પ્રસંસ્કરણ, પેકેજિંગ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ વગેરે.”

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

બહેતર જોડાણને પ્રોત્સાહિત કરવાનો અનોખો અવસર આપનારો આ સમય છે.

## લાંબા ગાળાની વ્યૂહરચના સાથે પ્રોત્સાહન

બાજરી અને અન્ય પોષક અનાજને લોકપ્રિય બનાવવા માટે સરકાર દેશ અને વિદેશમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. આ ઉપરાંત, ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો, રાજ્ય સરકારો સાથે, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ (DA|FW) અને કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ (DARE) સાથે સંકલન કરીને પોષક અનાજને પ્રોત્સાહન આપવામાં આવશે. આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ માટેની કાર્ય યોજના ઉત્પાદન, વપરાશ, નિકાસ, બ્રાન્ડિંગ વગેરે વધારવા માટેની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત છે. પ્રધાનમંત્રીની આત્મનિર્ભર ભારત અભિયાનની જાહેરાતના ભાગરૂપે, સરકારે 31 માર્ચ, 2021 સુધી 10,900 કરોડ રૂપિયાના ખર્ચ સાથે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાને મંજૂરી આપી છે. આ યોજના 2021-22 થી 2026-27 સુધીના સાત વર્ષના ગાળામાં લાગુ થવાની છે.

આ યોજનાના પ્રાથમિક ઉદ્દેશ્યોમાં વૈશ્વિક ખાદ્ય ઉત્પાદન ચેમ્પિયન બનાવવા અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય

# બરછટ અનાજનું પોષણ મૂલ્ય

(100 ગ્રામ ખાદ્યાન્નમાં)

| અનાજ | પ્રોટીન (ગ્રામ) | ચરબી (ગ્રામ) | કાર્બોહાઈડ્રેટ (ગ્રામ) | કેલરી (કિલો) | કેલ્શિયમ (મિ.ગ્રામ) | આયર્ન (મિ.ગ્રામ) |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| જુવાર | 10.4 | 3.1 | 70.7 | 349 | 25 | 5.4 |
| બાજરી | 11.8 | 4.8 | 67.0 | 361 | 42 | 11.0 |
| રાગી | 7.7 | 1.5 | 72.6 | 328 | 350 | 3.9 |
| કોડો | 9.8 | 1.6 | 66.6 | 353 | 35 | 1.7 |
| કુટકી | 8.7 | 5.3 | 75.7 | 340 | 0.02 | 2.8 |
| સવા | 6.93 | 2.0 | 80.6 | 333 | 23.2 | 6.9 |
| કાંગની | 10.3 | 3.1 | 69.9 | 349 | 30.1 | 3.7 |




## આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષના સાત મજબૂત સૂત્રો

| સૂત્ર | મંત્રાલયો અને વિભાગો |
| --- | --- |
| ઉત્પાદન/ઉત્પાદકતામાં વૃદ્ધિ | કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ / કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ |
| પોષણ અને આરોગ્ય લાભો | આરોગ્ય મંત્રાલય/FSSAI મૂલ્ય સંવર્ધન |
| પ્રસંસ્કરણ, રાંધવાની રીત તૈયાર કરવી | ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ અને પર્યટન મંત્રાલય |
| ઉદ્યમશીલતા/સ્ટાર્ટઅપ/સામૂહિક વિકાસ | વાણિજ્ય અને કૃષિ તેમજ ખેડૂત કલ્યાણ વિભાગ |
| બ્રાન્ડિંગ, પ્રચાર, જાગૃતિ ફેલાવવી | તમામ મંત્રાલયો |
| આંતરરાષ્ટ્રીય પહોંચ | વાણિજ્ય અને વિદેશ મંત્રાલય |
| મુખ્ય પ્રવાહ માટે નીતિ પગલાં | ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ |

# ભારત: છેલ્લા 10 વર્ષ દરમિયાન બરછટ અનાજનું ઉત્પાદન

**ભારત સમગ્ર વિશ્વમાં મિલેટ (બાજરી)ના મુખ્ય ઉત્પાદકો પૈકી એક છે. વર્ષ 2015-16માં ભારતમાં મિલેટ્સનું ઉત્પાદન 1.45 કરોડ ટન હતું જે વધીને 2020-21માં 1.8 કરોડ ટન થઈ ગયું છે**




(આંકડા લાખ ટનમાં)

## બાજરીના ફાયદા

- બાજરી હાઈપરલિપિડેમિયાના નિયંત્રણ અને નિવારણ અને CVDના જોખમ પર ફાયદાકારક અસરો ધરાવે છે. બાજરી વજન ઘટાડવામાં, BMI અને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યામાં મદદરૂપ હોવાનું જાણવા મળ્યું છે.
- ભારતમાં, બાજરી સામાન્ય રીતે કઠોળ સાથે ખાવામાં આવે છે, જે એકબીજા સાથે પ્રોટીનના પૂરક બને છે, એમિનો એસિડનું પ્રમાણ વધારે છે અને પ્રોટીન એકંદરે પાચનશક્તિમાં વધારો કરે છે.
- રેડી ટુ કુક, રેડી ટુ ઈટ શ્રેણીમાં બાજરી આધારિત મૂલ્યવર્ધિત ઉત્પાદનો શહેરી વસ્તી માટે સરળતાથી સુલભ અને સુવિધાજનક છે.
- બાજરીનો ઉપયોગ ભોજનની સાથે સાથે ચારા તરીકે બેવડા ઉદ્દેશો માટે કરવામાં આવે છે, જે તેની ખેતીને વધુ કાર્યક્ષમ બનાવે છે.
- બાજરીની ખેતી કાર્બન ફૂટપ્રિન્ટ ઓછી કરવામાં મદદ કરે છે.



બ્રાન્ડના ખાદ્ય ઉત્પાદનોને સમર્થન આપવાનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ સહાય પૂરી પાડવા માટે ઉચ્ચ વૃદ્ધિની સંભાવના ધરાવતા વિશિષ્ટ ખાદ્ય ઉત્પાદનોને ઓળખી કાઢવામાં આવ્યા છે. આમાં બાજરી આધારિત ઉત્પાદનો સહિત રાંધવા માટે તૈયાર/ ખાવા માટે તૈયાર (RTC/RTE) ખોરાકનો સમાવેશ થાય છે. પોષક અનાજને લોકપ્રિય બનાવવા માટેના કાર્યક્રમો અને નીતિઓ પર દેખરેખ રાખવા માટે કેબિનેટ સચિવની અધ્યક્ષતામાં સચિવોની એક સમિતિ અને સચિવ, DA|FW અને સચિવ DARE ની અધ્યક્ષતાવાળી કોર સમિતિની રચના કરવામાં આવી છે.


સરકારે બાજરીને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લીધાં છે. સ્થાનિક અને વૈશ્વિક માંગ ઊભી કરવા અને લોકોને પોષક ખોરાક પૂરો પાડવા માટે 2018માં રાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ ઉજવવામાં આવ્યું હતું. બાજરીના પોષણ મૂલ્યને ધ્યાનમાં રાખીને, સરકારે એપ્રિલ 2018 માં બાજરીને પોષક અનાજ તરીકે અધિસૂચિત કર્યું હતું અને પોષણ મિશન અભિયાન હેઠળ બાજરીનો સમાવેશ કરવામાં આવ્યો. જ્યારે 500 થી વધુ સ્ટાર્ટઅપ્સ સમગ્ર બજાર મૂલ્ય શ્રૃંખલામાં કામ કરી રહ્યા છે, ત્યારે ભારતીય મિલેટ્સ રિસર્ચ સંસ્થાએ RKVY- રફ્તાર હેઠળ 250 સ્ટાર્ટઅપ્સને સાથે રાખ્યા છે. 66થી વધુ સ્ટાર્ટઅપ્સને રૂ. 6.2 કરોડથી વધુનું ભંડોળ આપવામાં આવ્યું છે જ્યારે 25 થી વધુ સ્ટાર્ટઅપ્સને ભાવિ ભંડોળ માટે મંજૂરી આપવામાં આવી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે તેની કૃષિ નિકાસ સંવર્ધન સંસ્થા, એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) દ્વારા ડિસેમ્બર 2022 થી



# ભારતમાં મોટું અનાજ: તથ્યો અને આંકડા

- ભારતમાં સામાન્ય રીતે ઉગાડવામાં આવતા તમામ નવ પ્રકારના મોટા અનાજનું ઉત્પાદન થાય છે અને તે વિશ્વમાં બરછટનો સૌથી મોટો ઉત્પાદક અને પાંચમો સૌથી મોટો નિકાસકાર દેશ છે. ભારતના મોટાભાગના રાજ્યોમાં મોટા અનાજની એક અથવા વધુ પ્રજાતિઓ ઉગાડવામાં આવે છે.
- ભારતમાં 2021-22માં બરછટ અનાજના ઉત્પાદનમાં 27 ટકાનો વધારો નોંધાયો છે.
- ભારતમાં બરછટ અનાજના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણા છે.
- નેશનલ મિશન ઓન ફૂડ સિક્યોરિટી (NFMS) પ્રોગ્રામ હેઠળ 'NFMS-પોષક'નો હાલમાં 14 રાજ્યોના 212 જિલ્લાઓમાં અમલીકરણ કરવામાં આવી રહ્યો છે.
- ભારતમાં મોટા અનાજની મૂલ્યવર્ધન શ્રૃંખલામાં 500થી વધુ સ્ટાર્ટઅપ્સ કામ કરે છે, જ્યારે ભારતીય કૃષિ સંશોધન સંસ્થાએ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના રફ્તાર હેઠળ 250 સ્ટાર્ટઅપ્સને સહયોગ આપ્યો છે.
- ભારતે 2021-22 દરમિયાન 34.32 મિલિયન ડૉલરના બરછટ અનાજ ઉત્પાદનોની નિકાસ કરી હતી. વર્ષ 2020-21માં 26.97 મિલિયન ડૉલરના બરછટ અનાજની નિકાસ કરવામાં આવી હતી.
- 2020ની પાછળના 5 વર્ષ દરમિયાન ભારતમાંથી બરછટ અનાજની નિકાસ લગભગ 3 ટકાના CAGRથી સતત વધી છે.
- એશિયા અને આફ્રિકા બરછટ અનાજ પાકોના ઉત્પાદન અને વપરાશના મુખ્ય કેન્દ્રો છે. ભારત, નાઈજર, સુદાન અને નાઈજીરીયા મોટા અનાજના મુખ્ય ઉત્પાદક દેશો છે.
- જુવાર અને પ્રોસો બાજરી (સામાન્ય બાજરી) અનુક્રમે 112 અને 35 દેશોમાં સૌથી વધુ ઉગાડવામાં આવતા બરછટ અનાજ છે. જુવાર અને બાજરી 90% થી વધુ વિસ્તાર અને ઉત્પાદનને આવરી લે છે. બાકીનું ઉત્પાદન રાગી (ફિંગર બાજરી), ચીના (પ્રોસો બાજરી), ફોક્સટેલ બાજરી (કંગની) અને અન્ય બિન-વિભાજિત બાજરીમાંથી આવે છે.
- દુનિયામાં મોટા અનાજની આયાત કરતા મુખ્ય દેશો ઈન્ડોનેશિયા, બેલ્જિયમ, જાપાન, જર્મની, મેક્સિકો, ઈટાલી, અમેરિકા, બ્રિટન, બ્રાઝિલ અને નેધરલેન્ડ્સ છે.

## ભારતમાં ઉગાડવામાં આવતા મુખ્ય મોટા અનાજ
## બાજરી (60%), જુવાર (27%), રાગી (11%) અને નાની બાજરી (2%)
(અનુમાન 2021-22 મુજબ)



## બાજરીના પ્રકાર

| | |
|---|---|
| પર્લ બાજરી | પેનિસેટમ ગ્વલોકમ એલ. |
| સોરઘમ (જુવાર) | સોરઘમ બાઈકલર |
| રાગી | એલુસિનિયન કોરકાના |

**નાની બાજરી:**

| | |
|---|---|
| ● ફોક્સટેલ બાજરી | સેટરિયા ઈતાલિક |
| ● બાર્નયાર્ડ બાજરી | ઈચિનોક્લોઆ |
| | ફ્રુમેનેશિયા |
| ● કોડો બાજરી | પાસ્પલસ |
| | સ્કોબિકુલટમ |
| ● પ્રોસો બાજરી | પેનિકમ |
| | મિલિએસિયમ એલ. |
| ● સુક્ષ્મ બાજરી | પેનિકમ સુમંત્રેસા |

**બે છદ્મ બાજરી:**

| | |
|---|---|
| ● બક ઘઉં (કુટ્ટુ) | ફેગોપિરમ એસ્કલેન્ટમ |
| ● એમારેન્થસ (અમરન્થ) | અમરનથસ વિરિદિસ |



## બરછટ અનાજના ઉત્પાદનમાં વૃદ્ધિ અને લઘુતમ ટેકાના ભાવ

કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને કારણે, તાજેતરના વર્ષોમાં બરછટ અનાજના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. માંગ-પુરવઠાના અસંતુલનને ઠીક કરવા માટે, ખેડૂતોને મોટા ક્ષેત્રફળ વિસ્તારમાં બરછટ અનાજની ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવા, ઉત્પાદનમાં શ્રેષ્ઠ ટેકનિકો અને કૃષિ પદ્ધતિઓ અપનાવવી વગેરેને પ્રોત્સાહન આપવા માટે લઘુતમ ટેકાના ભાવ (MSP)ને ફરીથી વ્યવસ્થિત કરવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં અસરકારક પ્રયાસ કરવામાં આવ્યા છે. મોટા અનાજના લઘુતમ ટેકાના ભાવમાં નોંધનીય વૃદ્ધિ થઈ છે.

વિશ્વમાં ભારતીય મોટા અનાજની નિકાસને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક વ્યૂહરચના તૈયાર કરી છે. કેન્દ્ર સરકાર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષનું આયોજન કરી રહી છે, જેથી મોટા અનાજ અને તેના ઉત્પાદનોને સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બનાવી શકાય અને તેને એક લોક આંદોલન બનાવી શકાય.

આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષમાં બાજરીના ઉત્પાદન, વપરાશ અને માંગમાં પણ વધારો થશે. ભારત તેના વિશાળ નિકાસકાર તરીકે ઉભરી આવશે જે વિશ્વ માનવજાતને આપેલી ભેટથી જરાય ઓછું નથી. મોટું અનાજ પ્રાચીન સમયથી ભારતીય કૃષિ, સંસ્કૃતિ અને સભ્યતાનો એક ભાગ રહ્યું છે. વેદોમાં પણ મોટા અનાજનો ઉલ્લેખ જોવા મળે છે. દેશના કોઈપણ ખૂણે જાઓ, તો તમને ખાવામાં મિલેટ્સ જોવા મળશે. સંસ્કૃતિની જેમ મિલેટ્સમાં પણ ઘણી વિવિધતા છે. આવી સ્થિતિમાં, જ્યારે વિશ્વ ભારતની પહેલ પર આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે સમગ્ર દેશવાસીઓની જવાબદારી બને છે કે તેઓ તેને એક જન આંદોલન બનાવે.




# સશક્ત યુવાનો-વિકસિત ભારત

**આજે દેશનું લક્ષ્ય છે - વિકસિત ભારત, સશક્ત ભારત! વિકસિત ભારતનું સપનું સાકાર કર્યા વિના આપણે અટકવાનું નથી. આ સપનું સાકાર કરવા માટે, 'યુવાનો' એ રાષ્ટ્રની તાકાત છે તેમજ "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રોકાશો નહીં", સ્વામી વિવેકાનંદનો આ ઉદ્ઘોષ ભારતના યુવાનોનો જીવનમંત્ર છે. અમૃતકાળમાં આપણી ફરજો પર ભાર મૂકીને, આપણા કર્તવ્યોને સમજીને આપણે દેશને આગળ વધારવાનો છે. આમાં સ્વામી વિવેકાનંદ ભારતના યુવાનો માટે ખૂબ જ મોટી પ્રેરણા છે. 12 જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિના અવસરે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 12 થી 16 જાન્યુઆરી દરમિયાન કર્ણાટકના હુબલીમાં યોજાયેલા 26માં રાષ્ટ્રીય યુવા ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું.**

જ્યારે યુવાનોની ઉર્જા હોય, જ્યારે યુવાશક્તિ હોય, ત્યારે ભવિષ્યનું નિર્માણ, રાષ્ટ્રનું નિર્માણ કરવાનું ખૂબ જ સરળ થઈ જાય છે. આજે દેશમાં યુવાનોને સાથે લઈને કોઈને કોઈ નવા પ્રયાસો અને નવા પ્રયોગો સતત થઈ રહ્યા છે. 26મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું ઉદ્ઘાટન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આગામી 25 વર્ષ ભારતના વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ વર્ષોમાં ભારતની યુવા શક્તિ દેશની કરોડરજ્જુ બનશે. આ યુવા શક્તિની આકાંક્ષાઓના બળ પર જ વિકસિત ભારતની દિશા નક્કી થવા જઈ રહી છે. 26મા રાષ્ટ્રીય યુવા ઉત્સવની થીમ 'વિકસિત યુવાનો - વિકસિત ભારત' રાખવામાં આવી હતી અને તેનો હેતુ દેશના તમામ ભાગોમાંથી વિવિધ સંસ્કૃતિઓને એક મંચ પર લાવવાનો અને એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવના સાથે સહભાગીઓને એકજૂથ કરવાનો હતો. ઉદ્ઘાટન કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "દેશના વિવિધ ભાગોમાં, આપણા યુવાનોની પ્રતિભા અને ક્ષમતાનું એક અવિશ્વસનીય ઉદાહરણ જોવા મળે છે. આજે પણ, જ્યારે ગણિતથી લઈને વિજ્ઞાન સુધી વિશ્વ મંચો પર સ્પર્ધાઓ યોજાય છે, ત્યારે ભારતીય યુવાનોનું પરાક્રમ વિશ્વને આશ્ચર્યચકિત કરી નાંખે છે." આજે આખી દુનિયા કહી રહી છે કે, આ સદી ભારતની સદી છે. આ છે ભારતના યુવાનોની સદી! આવી સ્થિતિમાં આપણે વર્તમાનથી દસ ડગલાં આગળ વિચારવું જરૂરી છે. આપણી વિચારસરણી, આપણો અભિગમ ભવિષ્યવાદી હોવો જોઈએ! યુવાનો પોતાની આકાંક્ષાઓને પૂરી કરવા માટે સકારાત્મક કાર્ય કરે અને વિશ્વના આધુનિક દેશોથી આગળ વધે તે જરૂરી છે.


## પાંચ વિષયો પર પૂર્ણ ચર્ચાનું આયોજન

આ મહોત્સવ યુવા શિખર સંમેલનનો સાક્ષી બન્યો હતો, જેમાં G-20 અને Y-20 આયોજનોને લગતી પાંચ થીમ્સ પર પૂર્ણ ચર્ચાઓ યોજવામાં આવી હતી. આ શિખર સંમેલનમાં સાઈઠથી વધુ પ્રતિષ્ઠિત નિષ્ણાતોની ભાગીદારી જોવા મળી હતી. ચર્ચાના વિષય આ મુજબ હતા -

- કાર્ય, ઉદ્યોગ, આવિષ્કાર અને 21મી સદીના કૌશલ્યનું ભવિષ્ય.
- આબોહવા પરિવર્તન અને આપત્તિના જોખમમાં ઘટાડો. શાંતિ નિર્માણ અને સૌહાર્દ.
- સહિયારું ભવિષ્ય - લોકશાહીમાં યુવાનો અને શાસન.
- આરોગ્ય અને લોક કલ્યાણ.

## મહોત્સવના મુખ્ય આકર્ષણો

- યુવાનોનું શિખર સંમેલન.
- સ્વદેશી રમતો અને માર્શલ આર્ટ.
- યોગાથોન.
- લોક નૃત્ય અને સંગીત.
- સ્વાદની ઉજવણી.
- યુવા કલાકારો માટે શિબિર.
- એડવેન્ચર સ્પોર્ટ્સની છટા.



# કર્તવ્ય પથ પર
# નવું ભારત

**પહેલી વખત દેશના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કર્તવ્ય પથ પર થઈ.**
**નવા ભારતનાં કર્તવ્યો અને સંકલ્પોનો પથ... કર્તવ્ય પથ...**

પ્રજાસત્તાક દિવસનો સંપૂર્ણ કાર્યક્રમ
જોવા માટે QR કોડ સ્કૅન કરો.

# રાજપથ નહીં, કર્તવ્ય પથ, જેના પર પહેલી વખત દેશના 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી...



કર્તવ્ય પથ પર વાયુસેનાનું શૌર્ય.



રાષ્ટ્રધ્વજ સાથે રાષ્ટ્રીય પક્ષી મોર



રાષ્ટ્રધ્વજને સલામી આપતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ.



કર્તવ્ય પથ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી...

# ભારતનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો
























જનતાનું અભિવાદન સ્વીકારતા
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.




રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર અમર જવાનોને વંદન
કરતા પ્રધાનમંત્રી મોદી.



નૌકાદળની ટૂકડીમાં પહેલી વખત 3 મહિલા અને 5 પુરુષ અગ્નિવીર સામેલ થયા.




પહેલી વખત નાર્કોટિક્સ કંટ્રોલ
બ્યૂરોનો ટેબ્લો રજૂ કરાયો.



પહેલી વખત ઈજિપ્તની સૈન્ય ટૂકડીએ પ્રજાસત્તાક દિવસની
પરેડમાં ભાગ લીધો.



આંતરરાષ્ટ્રીય પોષક અનાજ
વર્ષ 2023



પહેલી વખત સ્વદેશી પેસેન્જર ડ્રોન વરુણ.



આસામનો ટેબ્લો




સૌર ઉર્જા પર કેન્દ્રિત
ગુજરાતનો ટેબ્લો




# પ્રવાસી ભારતીયો આપણા 'રાષ્ટ્રદૂત'

# સંપૂર્ણ જગત આપણો સ્વદેશ

**ભારતસ દુનિયાનું પાંચમું સૌથી મોટું અને સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે ત્યારે વૈશ્વિક મંચ પર પણ એક મજબૂત ઓળખ ઊભી થઈ છે. વૈશ્વિક મંચ પર બ્રાન્ડ ઈન્ડિયા અને ભારતીયતાનો ઝંડો લહેરાઈ રહ્યો છે. જો સમગ્ર વિશ્વને ભારતમાં આટલો વિશ્વાસ છે, તો દુનિયાના લગભગ 200 દેશોમાં ફેલાયેલા 30 કરોડથી વધુ ભારતીય ડાયસ્પોરા એટલે કે POI અને NRIની ભૂમિકા મહત્વપૂર્ણ છે. વૈશ્વિક નકશા પર પ્રવાસીઓ ભારતીયોની ઘણી તસવીરો ઉભરી આવે છે, પરંતુ જ્યારે સામાન્ય પરિબળની જેમ જોવામાં આવે છે ત્યારે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાના સાક્ષાત દર્શન થાય છે. તેઓ વાસ્તવમાં મેક ઈન ઈન્ડિયા, યોગ, હસ્તકલા ઉદ્યોગ અને સંસ્કૃતિના રાષ્ટ્રીય રાજદૂત છે...**

ભારતના 'રાજદૂત' બનેલા પ્રવાસી ભારતીયોનું 17મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન મધ્યપ્રદેશના ઈન્દોરમાં 8 થી 10 જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવ્યું હતું. ચાર વર્ષ પછી સંપૂર્ણ ભવ્યતા સાથે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં આવેલા NRIને આવકારતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આપણા માટે આખું વિશ્વ આપણું વતન છે. આપણા પૂર્વજોએ આ વૈચારિક પાયા પર ભારતના સાંસ્કૃતિક વિસ્તરણને આકાર આપ્યો હતો. આપણે દુનિયાના જુદા જુદા ખૂણામાં ગયા અને સદીઓ પહેલાં સમુદ્ર પાર કરીને વૈશ્વિક વેપારની અસાધારણ પરંપરા શરૂ કરી."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંમેલનમાં કહ્યું, "દુનિયાના અલગ અલગ દેશોમાં જ્યારે સૌથી વધુ શાંતિ-પ્રિય, લોકશાહીનું અનુસરણ કરનારા અને શિસ્તબદ્ધ નાગરિકોની ચર્ચા થાય છે, ત્યારે લોકશાહીની જનેતા હોવાનું ભારતીય તરીકેનું ગૌરવ અનેકગણું વધી જાય છે. તેથી જ હું NRIને ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોઉં છું. વિદેશી ભારતીયો રાષ્ટ્રના સાચા રાજદૂત છે." આરોગ્ય, ટેક્નોલોજી, અવકાશ, કૌશલ્ય સહિત અનેક ક્ષેત્રોમાં ભારત જે ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે, આવનારા દિવસોમાં ભારતની તાકાત વધુ વધવાની છે. પ્રધાનમંત્રી મોદી કહે છે કે, આ સંદર્ભમાં વૈશ્વિક સ્તરે ભારત પ્રત્યેની ઉત્સુકતા વધશે.



“

**આપણા આ પ્રવાસી ભારતીયોના યોગદાનનું જ્યારે આખી દુનિયા મૂલ્યાંકન કરે છે, ત્યારે તેમને એક મજબૂત અને સક્ષમ ભારતનો અવાજ પણ સાંભળાય છે. આપણે સદીઓ પહેલાં વૈશ્વિક વેપારની અસાધારણ પરંપરા શરૂ કરી હતી. ભારતે બતાવ્યું છે કે, કેવી રીતે અલગ અલગ દેશો અને વિવિધ સંસ્કૃતિઓ વચ્ચેના વ્યાપારી સંબંધો સહિયારી સમૃદ્ધિનો માર્ગ મોકળો કરી શકે છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## આ પાંચ વિષયો પર વિશેષ સત્રો યોજાયા

- **પ્રથમ સત્રઃ** યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુરની અધ્યક્ષતામાં 'ઈનોવેશન્સ અને નવી ટેકનોલોજીમાં ડાયસ્પોરા યુવાનોની ભૂમિકા'.
- **બીજું સત્રઃ** 'વિઝન @2047: અમૃતકાલમાં ભારતીય આરોગ્ય સંભાળ ઈકો-સિસ્ટમને વેગ આપવા માટે ભારતીય ડાયસ્પોરાની ભૂમિકા'. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતા તેમજ વિદેશ રાજ્ય મંત્રી ડૉ. રાજકુમાર રંજનસિંહની સહ-અધ્યક્ષતામાં તેનું આયોજન થયું હતું.
- **ત્રીજું સત્રઃ** વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીની અધ્યક્ષતામાં 'ભારતના સોફ્ટ પાવરનો લાભ ઉઠાવવો - હસ્તકળા, ભોજન અને સર્જનાત્મકતા દ્વારા સદભાવના' સત્ર યોજાયું હતું.
- **ચોથું સત્રઃ** શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં 'ભારતીય વર્કફોર્સની વૈશ્વિક ગતિશીલતાને સક્ષમ કરવી - ભારતીય ડાયસ્પોરાની ભૂમિકા' વિષય પર સત્ર યોજાયું.
- **પાંચમું સત્રઃ** નાણાં મંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં 'રાષ્ટ્રનિર્માણ માટે સર્વસમાવેશી અભિગમ તરફ વિદેશી ઉદ્યોગસાહસિકોની સંભાવનાને ઉજાગર કરવી'.

તેથી, NRI પાસે જેટલી વધુ તથ્યપૂર્ણ માહિતી છે, તેઓ ભારતની વધતી જતી સંભાવનાઓ વિશે વધુ સારી રીતે કહી શકશે.

ભારતે કોવિડ મહામારીની વચ્ચે, થોડા મહિનામાં સ્વદેશી રસી બનાવીને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ કર્યું અને 220 કરોડથી વધુ મફત ડોઝ લાગુ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. જ્યારે ભારત વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓ સાથે સ્પર્ધા કરે છે, ત્યારે તે ટોપ-5 અર્થતંત્રોમાં સામેલ થઈને વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ વિશ્વની ઉભરતી અર્થવ્યવસ્થા બની ગયું છે. જ્યારે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ બની ગયું છે, ત્યારે ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગમાં મેક ઈન ઈન્ડિયાનો ડંકો વાગે છે. જો ભારત એક સાથે વધુ સેટેલાઈટ લોન્ચ કરવાનો રેકોર્ડ બનાવે છે, તો તેજસ ફાઈટર પ્લેન, એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત અને અરિહંત જેવી ન્યૂક્લિયર સબમરીન પોતાના દમ પર તૈયાર પણ કરે છે. પ્રધાનમંત્રી મોદી કહે છે કે , “આ બધાની વચ્ચે, ભારત શું અને કેવી રીતે કરી રહ્યું છે તે અંગે વિશ્વના લોકોમાં ઉત્સુકતા હોય તે સ્વાભાવિક છે. ભારતની ઝડપ અને વ્યાપકતા શું છે અને ભારતનું ભવિષ્ય શું છે તે જાણવાની તેમને ઈચ્છા થાય. દુનિયા એ જોઈને પણ આશ્ચર્યચકિત થઈ ગઈ છે કે, દુનિયાના 40 ટકા રિયલ ટાઈમ

**ભારતમાંથી જ્યારે કોઈ વ્યક્તિ વિદેશમાં જાય છે અને ત્યાં તેમને ભારતીય મૂળની વ્યક્તિ મળે છે ત્યારે તેમને લાગે છે કે તેને આખું ભારત મળી ગયું છે.**

ડિજિટલ ટ્રાન્ઝેક્શન માત્ર ભારતમાં જ થાય છે.

### ભારત પાસે દુનિયામાં નોલેજ સેન્ટર બનવાનું સમાર્થ્ય

ભારતમાં માત્ર દુનિયાનું નોલેજ સેન્ટર બનવાની જ નહીં પરંતુ કૌશલ્યની મૂડી બનવાની પણ ક્ષમતા ધરાવે છે. ભારતમાં માત્ર સક્ષમ યુવાનોનો મોટો સમૂહ નથી પરંતુ તેમની પાસે કૌશલ્યો અને મૂલ્યો તેમજ પ્રામાણિકતા સાથે કામ કરવાની ભાવના પણ છે.

### પ્રવાસી ભારતીયોની સાફલ્ય ગાથા લખાવી જોઈએ

પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૂચન કર્યું હતું કે, ભારતના લોકો સદીઓથી વિશ્વના ઘણા દેશોમાં સ્થાયી થયા છે. તે દેશોના નિર્માણમાં તેમણે અમૂલ્ય યોગદાન આપ્યું છે. આવા લોકોના જીવન અને પડકારો અને તેમની સિદ્ધિઓનું આલેખન કરતો એક દસ્તાવેજ તૈયાર કરવો જોઈએ. ઘણા વડીલો પાસે યુગની યાદગાર ક્ષણોનું ભાથું હશે. યુનિવર્સિટીઓ દ્વારા દરેક દેશમાં આપણા ડાયસ્પોરાના ઈતિહાસ પર ઓડિયો-વીડિયો અથવા લેખિત દસ્તાવેજીકરણ માટેના પ્રયત્નો કરવા જોઈએ.

### ભગવાન મહાકાલના આશીર્વાદ જરૂર લો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંમેલનમાં ભાગ લેનારા ડાયસ્પોરાને કહ્યું હતું કે, ઈન્દોર માત્ર એક અદ્ભુત શહેર જ નથી પરંતુ એક યુગ પણ છે જે સમય કરતાં આગળ ચાલે છે પરંતુ સાથે જ વારસાનું જતન કરે છે. નજીકના ઉજ્જૈનમાં પણ ભગવાન મહાકાલના મહાલોકનું ભવ્ય અને દિવ્ય વિસ્તરણ કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, હું આશા રાખું છું કે તમે ત્યાં જઈને ભગવાન મહાકાલના આશીર્વાદ લેશો અને તે અદ્ભુત અનુભવનો ભાગ બનો.

### સુરીનામના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીય દિવસ સંમેલન દરમિયાન સુરીનામના પ્રમુખ ચંદ્રિકા પ્રસાદ સંતોખી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં બંને નેતાઓ વચ્ચે હાઈડ્રોકાર્બન, સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ડિજિટલ પહેલ, ICT અને ક્ષમતા સહિતના પરસ્પર હિતના ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા થઈ હતી. સુરીનામના રાષ્ટ્રપતિ 7 થી 14 જાન્યુઆરી દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન ઈન્દોરમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં તેમણે હાજરી આપી હતી. ત્યાર પછી અમદાવાદ અને નવી દિલ્હીનો પ્રવાસ પણ કર્યો હતો.



### ભારતવંશીઓએ મોકલેલી રકમમાં 12 ટકાનો વધારો


પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, વર્ષ 2022 દરમિયાન ભારતીય ડાયસ્પોરા દ્વારા દેશમાં મોકલવામાં આવતી રકમ 2021ની સરખામણીમાં 12 ટકા વધીને લગભગ 100 અબજ અમેરિકી ડૉલર સુધી પહોંચી ગઈ છે. પાંચમું સત્ર નાણાં મંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં 'રાષ્ટ્રનિર્માણ માટે સર્વસમાવેશી અભિગમ તરફ વિદેશી ઉદ્યોગસાહસિકોની સંભાવનાને ઉજાગર કરવી' થીમ પર યોજાયું હતું.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુરીનામના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 10 જાન્યુઆરીએ 17મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. તેમણે પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ 2023 એનાયત કરવાની સાથે વિદાય સત્રની અધ્યક્ષતા કરી હતી. પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર, ભારતીય ડાયસ્પોરાના પસંદગીના સભ્યોને તેમની સિદ્ધિઓને બિરદાવવા અને વિવિધ ક્ષેત્રોમાં ભારત અને વિશ્વમાં તેમના યોગદાનને બિરદાવવા માટે આપવામાં આવે છે. આ દરમિયાન તેઓ સુરીનામના પ્રમુખ ચંદ્રિકા પ્રસાદ સંતોખીને પણ મળ્યા હતા.

### ગયાનાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત

પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગયાનાના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ ઈરફાન વચ્ચે મુલાકાત થઈ. બંને નેતાઓએ ઉર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, ફાર્માસ્યુટિકલ્સ, આરોગ્ય સંભાળ, ટેક્નોલોજી અને આવિષ્કાર તેમજ સંરક્ષણ સંબંધો સહિતના ક્ષેત્રોમાં સહકાર સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ભારત અને ગયાનાના લોકો વચ્ચે 180 વર્ષ જૂના સંબંધો અને મિત્રતાને મજબૂત કરવા પર સહમતિ સાધવામાં આવી હતી. ગયાનાના રાષ્ટ્રપતિ 8 થી 14 જાન્યુઆરી દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે હતા.



# દરેક નાગરિકોની ભાગીદારીથી

# પાણીના પડકારોના ઉકેલ તરફ આગળ વધતું ભારત

**જળ છે તો જીવન છે. આ ઉક્તિ વર્તમાન કેન્દ્ર સરકારની નીતિનો ઉદ્દેશ્ય છે. આવી સ્થિતિમાં જ્યારે ભારત અમૃત યાત્રાની દિશામાં વિકસિત રાષ્ટ્રના સંકલ્પ પર મક્કમતાથી આગળ વધી રહ્યું છે, ત્યારે જીવનની મૂળભૂત જરૂરિયાતમાં પાણીનું મહત્વ વધુ વધી જાય છે. અમૃતકાળની 2047 સુધીની યાત્રામાં વોટર વિઝન @ 2047 એ એક મહત્વપૂર્ણ પરિમાણ છે. લોકોની ભાગીદારીથી માત્ર પાણીની માંગ અને પુરવઠો જ નહીં, પરંતુ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને સંરક્ષણ પણ હવે સહકાર અને સંકલનનો વિષય બની રહ્યો છે...**

પાણી એ માત્ર જીવન જ નથી, પરંતુ તે વિકાસનો પ્રવાહ પણ છે. આ મંત્ર સાથે, કેન્દ્ર સરકારે પ્રથમ વખત તેની નીતિઓ અને નિર્ણયોમાં 'વોટર ગવર્નન્સ'ને પ્રાથમિકતા આપી અને એકંદર જળ સંસાધન માટે અલગ જલ શક્તિ મંત્રાલયની રચના કરી. સાથે જ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, હર ખેત કો પાણી, 'પર ડ્રોપ મોર ક્રોપ' અભિયાન, નમામી ગંગે મિશન, જલ જીવન મિશન અને અટલ ભૂજલ યોજના, 'કેચ ધ રેઈનઃ જ્યાં પણ, જ્યારે પણ શક્ય હોય ત્યારે વરસાદી પાણીનો સંગ્રહ કરો' જેવા અનોખા અભિયાન અને નદી જોડો પરિયોજના જેવી પહેલથી પાણીને દરેક લોકો સાથે જોડ્યું છે. આ શ્રેણીમાં, કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલયે પાણી પર રાજ્ય મંત્રીઓની પ્રથમ અખિલ ભારતીય વાર્ષિક પરિષદનું આયોજન કર્યું હતું, જેની થીમ હતી - વોટર વિઝન @ 2047. પરિષદનો ઉદ્દેશ્ય આગામી 25 વર્ષ એટલે કે 2047 સુધી ભારત માટે વોટર વિઝન પર ચર્ચા કરવાનો હતો.

> જળ સંરક્ષણ માટે કેન્દ્રએ અટલ ભૂગર્ભ જળ સંરક્ષણ યોજના શરૂ કરી છે. આ એક સંવેદનશીલ અભિયાન છે અને તેને સમાન સંવેદનશીલતા સાથે આગળ ધપાવવાની જરૂર છે. આપણી કોઈપણ નદીઓ કે જળાશયો બાહ્ય પરિબળોથી પ્રદૂષિત ન થાય તે સુનિશ્ચિત કરવા માટે આપણે દરેક રાજ્યમાં કચરાના વ્યવસ્થાપન અને સૂએજ ટ્રીટમેન્ટનું નેટવર્ક બનાવવું પડશે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# ભારત@2047ના ભાગરૂપે જળ સુરક્ષાના પડકારોને ઉકેલવા માટે પ્રધાનમંત્રી મોદીનો 5P મંત્ર

1. પોલિટિકલ વિલ (રાજકીય ઈચ્છાશક્તિ)
2. પબ્લિક ફાઈનાન્સિંગ (લોક નાણાં)
3. પાર્ટનરશિપ (ભાગીદારી)
4. પબ્લિક પાર્ટિસિપેશન (લોક ભાગીદારી)
5. પરસ્યૂએશન ફોર સસ્ટેઈનેબિલિટી (ટકાઉક્ષમતા માટે પ્રેરણા)



### અમૃત સરોવર માટે 93 હજારથી વધુ સ્થળોની ઓળખ પૂર્ણ

દેશભરમાં 5 જાન્યુઆરી સુધીમાં અમૃત સરોવર માટે 93,112 સ્થળોની ઓળખ કરવામાં આવી છે. તેમાંથી 54 હજારથી વધુ તળાવોના નિર્માણની કામગીરી શરૂ પણ કરવામાં આવી છે, જેમાં 26, 929 અમૃત સરોવરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરનું નિર્માણ અથવા નવીનીકરણ કરવામાં આવશે. દરેક અમૃત સરોવરનું તળાવ ક્ષેત્રફળ એક એકર છે અને તેની પાણીની ક્ષમતા 10 હજાર ઘન મીટર છે.

## પાણીના પડકારોને ઉકેલવાની જરૂરિયાતનું કારણ આ છે

વર્ષ 2001 અને 2011માં સરેરાશ વાર્ષિક માથાદીઠ પાણીની ઉપલબ્ધતા અનુક્રમે 1816 ઘન મીટર અને 1545 ઘન મીટર હોવાનો અંદાજ હતો. અભ્યાસ મુજબ, માથાદીઠ વાર્ષિક 1700 ઘન મીટરથી ઓછી પાણીની ઉપલબ્ધતાને પાણીની અછત ગણવામાં આવે છે, જ્યારે 1000 ઘન મીટરથી ઓછી વાર્ષિક માથાદીઠ પાણીની ઉપલબ્ધતાને પાણીની ભારે અછત ગણવામાં આવે છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, 2050માં માથાદીઠ પાણીની ઉપલબ્ધતા 1140 ઘન મીટર રહેવાનો અંદાજ છે. 2047 સુધીમાં દેશમાં પાણીની માંગ, ઉપલબ્ધતા કરતાં વધી જવાની ધારણા છે. આ જ કારણ છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મુદ્દા પર સર્વગ્રાહી ચર્ચા કરવા માટે તમામ રાજ્યો સાથે આ પરિષદ યોજવાનો આગ્રહ કર્યો હતો.

## અમૃત યાત્રા અને જલ વિઝન

પોતાની રીતે યોજાયેલા આ પ્રથમ કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જળ સુરક્ષાના ક્ષેત્રોમાં ભારત દ્વારા કરવામાં આવેલા અસાધારણ કાર્ય પર પ્રકાશ પાડ્યો હતો. બંધારણ મુજબ, પાણી એ રાજ્યનો વિષય છે, તેથી, જળ સંરક્ષણ માટે રાજ્યોના પ્રયત્નો દ્વારા જ દેશના સામૂહિક લક્ષ્યો પ્રાપ્ત કરી શકાય છે. તેમણે કહ્યું કે, "2047 માટેનું અમારું જળ વિઝન આગામી 25 વર્ષની અમૃતકાળની યાત્રાનું એક મહત્વપૂર્ણ પરિમાણ છે." સરકારે આ બજેટમાં સર્ક્યુલર ઈકોનોમી પર ઘણો ભાર આપ્યો છે. જ્યારે ટ્રીટમેન્ટ કરેલા પાણીનો ફરી ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તાજા પાણીનું સંરક્ષણ થાય છે, જે સમગ્ર ઈકોસિસ્ટમને લાભ આપે છે. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે, રાજ્યોએ વિવિધ હેતુઓ માટે 'ટ્રીટેડ વોટર'નો ઉપયોગ વધારવાના માર્ગો શોધવા પડશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણી નદીઓ, આપણા જળાશયો સમગ્ર જળ ઈકોસિસ્ટમનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. તેમણે દરેક રાજ્યમાં કચરાના વ્યવસ્થાપન અને સૂએજ ટ્રીટમેન્ટનું નેટવર્ક બનાવવા પર ભાર મૂક્યો હતો અને કહ્યું કે, "નમામિ ગંગે મિશનની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરીને, અન્ય રાજ્યો પણ નદીઓના સંરક્ષણ માટે સમાન અભિયાનો શરૂ કરી શકે છે." ●

## BHIM UPI ટ્રાન્ઝેક્શન પ્રોત્સાહન યોજના અને

# બહુ-રાજ્ય સહકારી નિકાસ સમિતિની રચનાને મંજૂરી




**દેશમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન ઝડપથી વધી રહ્યાં છે. ડિસેમ્બર 2022માં 12.8 લાખ કરોડ રૂપિયાના UPI વ્યવહારો થયા છે. દરમિયાન, ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના કેન્દ્રીય મંત્રીમંડળે આર્થિક બાબતોને લગતા કેટલાક મોટા નિર્ણયો લીધા છે. આ નિર્ણયોના અમલીકરણ સાથે, વપરાશકર્તાઓને નાણાકીય વ્યવહારો અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર ઈન્સેન્ટિવ મળશે. આ બેઠકમાં દેશના વિકાસને ગતિ આપનારા અન્ય નિર્ણયોની સાથે સહકાર-થી-સમૃદ્ધિના સંકલ્પને વધુ મજબૂત કરવા માટે સહકારી ક્ષેત્રને લગતા નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા...**

**નિર્ણય - કેન્દ્રીય મંત્રીમંડળે 'રૂપે ડેબિટ કાર્ડ' અને ઓછા મૂલ્યના BHIM-UPI વ્યવહારો (P2M)ને પ્રોત્સાહન આપવા માટે રૂ. 2,600 કરોડના ખર્ચની પ્રોત્સાહક યોજનાને મંજૂરી આપી છે.**

અસરઃ આ પ્રોત્સાહક યોજના એક મજબૂત ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા મદદ કરશે અને રૂપે (RuPay) ડેબિટ કાર્ડ અને BHIM-UPI ડિજિટલ ટ્રાન્ઝેક્શનોને પ્રોત્સાહન આપશે. 'સબકા સાથ, સબકા વિકાસ'ના ઉદ્દેશ્યને અનુરૂપ, આ યોજના UPI LITE અને UPI 123PAY ને પ્રોત્સાહન આપશે. આનાથી દેશના તમામ ક્ષેત્રો અને લોકોમાં ડિજિટલ પેમેન્ટ વધુ અગ્રેસર બનવા માટે સક્ષમ બનશે.

**નિર્ણય - બહુ-રાજ્ય સહકારી સમિતિ અધિનિયમ, 2002 હેઠળ રાષ્ટ્રીય સ્તરની બહુ-રાજ્ય સહકારી નિકાસ સમિતિઓની સ્થાપના કરવાની મંજૂરી આપવામાં આવી.**

અસરઃ તે સહકારી સંસ્થાઓના વિકાસના સમાવેશી મોડલ દ્વારા 'સહકારી-થી-સમૃદ્ધિ'ના ધ્યેયને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. આનાથી વૈશ્વિક બજારોમાં ભારતીય સહકારી સંસ્થાઓની નિકાસની સંભાવનાને મદદ મળશે. નિકાસ સંબંધિત વિવિધ યોજનાઓ અને નીતિઓનો લાભ મેળવવા માટે સહકારી સંસ્થાઓને મદદ કરવામાં આવશે. ઉચ્ચ નિકાસને કારણે વસ્તુ અને સેવા કરમાં વધારો થશે, જે સહકારી ક્ષેત્રમાં વધુ નોકરીઓનું સર્જન કરશે. સૂચિત સમિતિ નિકાસ અને તેના પ્રોત્સાહન માટે એક છત્ર સંસ્થા તરીકે કામ કરશે અને સહકારી ક્ષેત્રની નિકાસ પર ભાર મૂકશે. પ્રાથમિકથી રાષ્ટ્રીય સ્તર સુધી સહકારી મંડળીઓ તેના સભ્ય બની શકે છે.

**નિર્ણય - કોલકાતા સ્થિત રાષ્ટ્રીય પીવાલાયક પાણી, સ્વચ્છતા અને ગુણવત્તા કેન્દ્રનું નામકરણ ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી રાષ્ટ્રીય જળ અને સ્વચ્છતા સંસ્થા રાખવાની મંજૂરી.**

**નિર્ણય - કેન્દ્રીય મંત્રીમંડળે 12,882.2 કરોડ રૂપિયાના ખર્ચ સાથે પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલયની યોજનાઓને ચાલુ રાખવાની મંજૂરી આપી. વિકાસ યોજનાઓ 15મા નાણાપંચના બાકી રહેલા સમયગાળા (2022-23 થી 2025-26) સુધી ચાલુ રહેશે.**

**અસરઃ** તે આઠ પૂર્વોત્તર રાજ્યોના વિકાસના અંતરાયને પૂરવામાં મદદ કરશે. આજીવિકા સંબંધિત પ્રવૃત્તિઓને સક્ષમ બનાવશે અને રોજગારીની તકો વધારશે. કનેક્ટિવિટી અને સામાજિક ક્ષેત્રમાં રહેલી ખામીઓને દૂર કરશે.

- ખર્ચ ફાઈનાન્સ સમિતિની ભલામણોના આધારે, પૂર્વોત્તર વિશેષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કીમ માટે રૂ. 8139.5 કરોડનો ખર્ચ થશે જ્યારે પૂર્વોત્તર કાઉન્સિલ યોજના માટે રૂ. 3202.7 કરોડ થશે. બોડોલેન્ડ ટેરીટોરીયલ કાઉન્સિલ, દિમા હાસાઓ ઓટોનોમસ ટેરીટોરીયલ કાઉન્સિલ અને કાર્બી આંગલોંગ ઓટોનોમસ ટેરીટોરીયલ કાઉન્સિલ માટે ખાસ પેકેજમાં રૂ. 1,540 કરોડ છે.



**અસરઃ** આ સંસ્થા પશ્ચિમ બંગાળના કોલકાતામાં જોકા સ્થિત ડાયમંડ હાર્બર રોડ પર 8.72 એકરમાં ફેલાયેલી છે. આ સંસ્થા તાલીમ કાર્યક્રમો દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જાહેર આરોગ્ય એન્જિનિયરિંગ, પીવાલાયક પાણી, સ્વચ્છતા અને સફાઈના ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ માટે ઉત્કૃષ્ટતા સંબંધિત શ્રેષ્ઠ સંસ્થા છે.

**નિર્ણય - 'દૂરદર્શન' અને 'ઓલ ઈન્ડિયા રેડિયો'ના આધુનિકીકરણ માટે બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ યોજનામાં રૂ. 2539.91 કરોડને મંત્રીમંડળે મંજૂરી આપી.**

**અસરઃ** સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને દર્શકો માટે ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી વિકસાવવાનો અને વધુ ચેનલોને સમાવવા માટે DTH પ્લેટફોર્મની ક્ષમતાને અપગ્રેડ કરીને દર્શકો માટે વિવિધ સામગ્રીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો તેનો ઉદ્દેશ છે. OB વાનની ખરીદી અને DD તેમજ AIR સ્ટુડિયોને HD માટે તૈયાર કરવા માટે ડિજિટલ અપગ્રેડેશન પણ પ્રોજેક્ટનો હિસ્સો છે.

- દેશની 80 ટકાથી વધુ વસ્તી સુધી પહોંચવા માટે આકાશવાણીના એફએમ કવરેજનું વિસ્તરણ કરવામાં આવશે. 8 લાખ ડીડી ફ્રી ડીશ DTH સેટ ટોપ બોક્સ દૂરસ્થ, આદિવાસી, આતંકવાદ પ્રભાવિત, સરહદી વિસ્તારો અને મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં રહેતા લોકોમાં વિતરિત કરવામાં આવશે.

**નિર્ણય - ભારતને ગ્રીન હાઈડ્રોજનનું વૈશ્વિક હબ બનાવવા માટે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને મંજૂરી.**

**અસરઃ** ગ્રીન હાઈડ્રોજન મિશન હેઠળ, વર્ષ 2030 સુધીમાં 5 મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનની સંભાવના છે. 2030 સુધીમાં રૂ. 8 લાખ કરોડના રોકાણનો લક્ષ્યાંક અને 6 લાખથી વધુ નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે. 2030 સુધીમાં કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં દર વર્ષે લગભગ 50 MMT જેટલો ઘટાડો થવાની ધારણા છે.

- મિશન માટે પ્રારંભિક ખર્ચ રૂ. 19,744 કરોડ હશે, જેમાં સાઈટ પ્રોગ્રામ માટે રૂ. 17,490 કરોડ, પાયલોટ પ્રોજેક્ટ માટે રૂ. 1,466 કરોડ, સંશોધન અને વિકાસ માટે રૂ. 400 કરોડ અને અન્ય મિશન ઘટકો માટે રૂ. 388 કરોડનો સમાવેશ થાય છે.

**નિર્ણય - હિમાચલ પ્રદેશમાં 382 મેગાવોટ સુન્ની ડેમ હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે રોકાણને મંજૂરી.**

**અસરઃ** આ પ્રોજેક્ટનું નિર્માણ સરકારી કંપની સતલજ જલ વિદ્યુત નિગમ દ્વારા કરવામાં આવશે. આનાથી રાજ્યમાં લગભગ ચાર હજાર જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે. બાંધકામનો ખર્ચ 2614.51 કરોડ રૂપિયા થવાનું અનુમાન કરાયું છે.

**નિર્ણય - ભૂત પૂર્વ સંરક્ષણ પ્રધાન અને ગોવાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી દિવંગત મનોહર પાર્રિકરને શ્રદ્ધાંજલિ રૂપે ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ મોપા, ગોવાનું નામ બદલીને 'મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ - મોપા, ગોવા' રાખવાની મંજૂરી.**

**અસરઃ** ગોવાના મોપા ખાતે આવેલા ગ્રીનફિલ્ડ એરપોર્ટનું ઉદ્ઘાટન ડિસેમ્બર, 2022માં પ્રધાનમંત્રી મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ નામકરણ દ્વારા, ભાવિ પેઢીઓ આધુનિક ગોવાના નિર્માણમાં દિવંગત ડૉ. મનોહર પાર્રિકરના યોગદાનથી પરિચિત થશે. ●

## 108મું ભારતીય વિજ્ઞાન અધિવેશન

# ભારતની વૈજ્ઞાનિક શક્તિની ભૂમિકા મહત્વપૂર્ણ



**વિજ્ઞાનમાં ઉત્સાહ સાથે દેશ સેવા કરવાના સંકલ્પને જોડવામાં આવે ત્યારે પરિણામ પણ અભૂતપૂર્વ આવે છે. આ સંકલ્પનું પરિણામ એ છે કે, ભારતે વિજ્ઞાન ક્ષેત્રે વિશ્વના ટોચના દસ દેશોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. વર્ષ 2015 સુધીમાં, ભારત 130 દેશોના ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં 81મા ક્રમે હતું અને વર્ષ 2022માં તે આગળ વધીને 40મા ક્રમે આવી ગયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 3 જાન્યુઆરીએ 108મા ભારતીય વિજ્ઞાન અધિવેશન (ISC)ના ઉદ્ઘાટન સત્રમાં કહ્યું હતું કે, આગામી 25 વર્ષમાં ભારત જે ઊંચાઈ પર હશે તેમાં ભારતની વૈજ્ઞાનિક શક્તિની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે...**

એક વૈજ્ઞાનિક માટે દરેક પગલાં પર ડેટા એકત્ર કરવો અને તેનું વિશ્લેષણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજની 21મી સદીના ભારતમાં આપણી પાસે બે વસ્તુઓ વિપુલ પ્રમાણમાં છે. પ્રથમ - ડેટા અને બીજું - ટેકનોલોજી. આ બંનેમાં ભારતના વિજ્ઞાનને નવી ઊંચાઈઓ પર લઈ જવાની શક્તિ છે. ભારતમાં વિજ્ઞાનની ભૂમિકા દેશને આત્મનિર્ભર બનાવવાની હોવી જોઈએ. 'ભારતમાં વિજ્ઞાનનો વિકાસ' - આ આપણા વૈજ્ઞાનિક સમૂહની મૂળ પ્રેરણા હોવી જોઈએ કારણ કે આગામી 25 વર્ષમાં ભારત જે ઊંચાઈ સુધી પહોંચશે તેમાં ભારતની વૈજ્ઞાનિક શક્તિની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. 108મા ભારતીય વિજ્ઞાન અધિવેશનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "ભારતમાં વિજ્ઞાને ભારતને આત્મનિર્ભર બનાવવું જોઈએ. આપણે એ પણ ધ્યાનમાં રાખવું પડશે કે, આજે વિશ્વની 17-18 ટકા વસ્તી ભારતમાં રહે છે. આ પ્રકારનું વૈજ્ઞાનિક કાર્ય, જે ભારતની જરૂરિયાતોને પૂરી કરશે, વિશ્વની 17-18 ટકા માનવજાતને ગતિ આપશે અને તેની અસર સમગ્ર માનવજાત પર પડશે. એટલા માટે અમે એવા વિષયો પર કામ કરીએ છીએ જે આજે સમગ્ર માનવજાત માટે મહત્વપૂર્ણ છે. આ વર્ષની ISC ની મુખ્ય થીમ 'મહિલા સશક્તિકરણ સાથે ટકાઉક્ષમ વિકાસ માટે




## 1914માં પ્રથમ સંમેલન યોજવામાં આવ્યું હતું

- ભારતીય વિજ્ઞાન અધિવેશનનું પ્રથમ સત્ર 1914માં યોજવામાં આવ્યું હતું. તેનું 108મું વાર્ષિક સત્ર રાષ્ટ્ર સંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટીમાં આયોજિત કરવામાં આવ્યું હતું જે આ વર્ષે તેની શતાબ્દી પણ ઉજવી રહી છે. પીએચ.ડી.ની દૃષ્ટિએ ભારત સમગ્ર વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ છે. આજે ભારત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના સંદર્ભમાં વિશ્વના ટોચના દેશોમાં સામેલ છે.
- આ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ ભારતીય વિજ્ઞાન અધિવેશનના પરંપરાગત વિજ્ઞાન જ્યોતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલિમ્પિક મશાલના આધારે 'વિજ્ઞાન જ્યોતિ - જ્ઞાનની જ્યોત'ની કલ્પના કરવામાં આવી છે.
- તે સમાજ અને ખાસ કરીને યુવાનોમાં વૈજ્ઞાનિક સ્વભાવ કેળવવા માટે સમર્પિત છે. યુનિવર્સિટી પરિસરમાં સ્થાપિત આ જ્યોત 108મા ભારતીય વિજ્ઞાન અધિવેશનસના અંત સુધી પ્રજ્વલિત રહી.

### વિજ્ઞાનના આ પ્રયાસો ઘણું બદલી શકે છે



જ્યારે તે લેબમાંથી નીકળીને લેન્ડ (જમીન) પર પહોંચે.

- જ્યારે તેની અસર વૈશ્વિકથી પાયાના સ્તર સુધી હોય છે.
- જ્યારે તેનું વિસ્તરણ જર્નલ્સથી જમીન સુધી થાય છે.
- જ્યારે રિસર્ચ દ્વારા તેમાંથી બદલાવ વાસ્તવિક જીવનમાં દેખાવા લાગે છે.

### 108મા ભારતીય વિજ્ઞાન અધિવેશનમાં મુખ્ય આકર્ષણ

- **બાળ વિજ્ઞાન અધિવેશન** - 7,000 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- **મહિલા વિજ્ઞાન અધિવેશન** - વિવિધ સંસ્થાઓમાંથી મોટી સંખ્યામાં મહિલા વૈજ્ઞાનિકો સહભાગી બન્યા હતા.
- **વિજ્ઞાન અને સમાજ** - સમાજના શાશ્વત વિકાસ અને મહિલા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરતો વિશેષ કાર્યક્રમ.
- **કિસાન વિજ્ઞાન અધિવેશન** - બાયો-ઈકોનોમી સુધારવા અને યુવાનોને કૃષિ તરફ આકર્ષિત કરવા માટેનો એક મંચ.
- **આદિજાતિ વિજ્ઞાન અધિવેશન** - સ્વદેશી પ્રાચીન જ્ઞાન પ્રણાલીઓ અને અભ્યાસોના વૈજ્ઞાનિક પ્રદર્શન માટેનો એક મંચ.
- **વિજ્ઞાન પ્રદર્શન** - પ્રાઈડ ઓફ ઈન્ડિયા - વિજ્ઞાન અને ઉદ્યોગ ક્ષેત્રે ભારત સહિત વિશ્વ પર અમીટ છાપ છોડનાર વ્યક્તિત્વના જીવનનો પરિચય કરાવતું ભવ્ય પ્રદર્શન.

વિજ્ઞાન અને ટેકનોલોજી' પર કેન્દ્રિત છે. ટકાઉક્ષમ વિકાસ સાથે જ વિશ્વનું ભવિષ્ય સુરક્ષિત છે. 108મા ભારતીય વિજ્ઞાન અધિવેશનમાં, ટકાઉક્ષમ વિકાસની થીમ મહિલા સશક્તિકરણ સાથે જોડાયેલી છે. વ્યવહારિક રીતે પણ આ બંને એકબીજા સાથે જોડાયેલા છે. આજે દેશની વિચારસરણી માત્ર એ જ નથી કે આપણે વિજ્ઞાન દ્વારા મહિલાઓને સશક્ત કરીએ, પરંતુ અમારો ઉદ્દેશ્ય મહિલાઓની ભાગીદારીથી વિજ્ઞાનને સશક્ત કરવાનો અને સંશોધનને નવી ગતિ આપવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું કે, ₹નાના ઉદ્યોગોમાં ભાગીદારી હોય કે સ્ટાર્ટઅપ વિશ્વમાં નેતૃત્વ હોય, ભારતની મહિલાઓ દરેક જગ્યાએ તેમની તાકાત બતાવી રહી છે. મહિલાઓની વધતી ભાગીદારી દર્શાવે છે કે આપણો સમાજ પણ આગળ વધી રહ્યો છે અને વિજ્ઞાન પણ આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈજ્ઞાનિક સમુદાયને સેમિકન્ડક્ટર ચિપ્સમાં ઈનોવેશન લાવવા માટે પ્રેરિત કર્યા હતા અને તેમને સેમિકન્ડક્ટર આધારિત ભવિષ્ય તૈયાર કરવા વિશે વિચારવાનું કહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "જો દેશ આ ક્ષેત્રોમાં પહેલ કરશે, તો અમે ઈન્ડસ્ટ્રી 4.0 ને લીડ કરવાની સ્થિતિમાં આવીશું". ●

## પીએમ આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

# જેથી બીમારીનું ઝડપી નિદાન થાય, તપાસમાં વિલંબ ન થાય



**કોવિડ પ્રથમ મહામારી નહોતી, પરંતુ તે છેલ્લી મહામારી પણ નહીં જ હોય. જો ભવિષ્યમાં કોઈ મહામારી ફેલાય તો તે આના કરતા પણ વધુ ખરાબ હોઈ શકે છે. આવી કોઈપણ ભવિષ્યની મહામારી અથવા પ્રકોપના અસરકારક સંચાલન માટે સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે, 1 ફેબ્રુઆરી, 2021 ના રોજ, કેન્દ્રીય બજેટમાં 5 વર્ષમાં 64,180 કરોડ રૂપિયાના ખર્ચ સાથે પીએમ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 ઓક્ટોબર, 2021 ના રોજ પીએમ આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનના નામથી તેને લોન્ચ કર્યું હતું, જે સતત આરોગ્ય માળખાને મજબૂત કરી રહ્યું છે...**

> "આપણી આરોગ્ય સંભાળ પ્રણાલીમાં જે ખૂબ જ મોટો અંતરાય છે, તેણે ગરીબ અને મધ્યમ વર્ગમાં સારવારની પહોંચ અંગે કાયમી ચિંતા ઊભી કરી છે. આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન - દેશની આરોગ્ય સંભાળ પ્રણાલીની આ ખામીને દૂર કરવાનો ઉપાય છે. આપણે ભવિષ્યમાં કોઈપણ મહામારીનો સામનો કરવા માટે તૈયાર અને સક્ષમ હોઈએ તેના માટે આપણી આરોગ્ય પ્રણાલીને આજે તૈયાર કરવામાં આવી રહી છે."
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

"સફળતા અને સમૃદ્ધિનો આધાર સ્વાસ્થ્ય છે. પછી ભલે તે પ્રગતિ કોઈ વ્યક્તિ સાથે જોડાયેલી હોય, પરિવાર સાથે સંબંધિત હોય કે સમાજ પછી સાથે સંબંધિત હોય કે સમગ્ર રાષ્ટ્ર સાથે સંબંધિત હોય, તેનો પાયો માત્ર સ્વાસ્થ્ય પર જ ટકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ શબ્દો 2014 પછી આરોગ્ય ક્ષેત્રે શરૂ કરવામાં દૃષ્ટાંતરૂપ પરિવર્તન તરફના મક્કમ પગલાંનું પ્રતીક છે. નવી હોસ્પિટલો હોય, મેડિકલ કોલેજ હોય કે 50 કરોડથી વધુ ગરીબો માટે મફત સારવાર હોય, ગામડાથી નાના શહેર સુધી, નવી આરોગ્ય સુવિધાઓ ઊભી કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ શ્રેણીમાં, પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય આરોગ્ય સંભાળ પ્રણાલીની ક્ષમતા વિકસાવવા, હાલની રાષ્ટ્રીય સંસ્થાઓને મજબૂત કરવા અને નવા અને ઉભરતા

# સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતરાય દૂર કરવા માટેના મિશનના ત્રણ પાસાઓ

## 1 રોગોના નિદાન અને સારવાર માટે સુવિધાઓ ઉભી કરવી



ગામડાઓ અને શહેરોમાં આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો ખોલવામાં આવી રહ્યા છે, જેના દ્વારા શરૂઆતના તબક્કે જ રોગોની ઓળખ, તપાસ, સલાહ અને મફત દવાઓની સુવિધા ઉપલબ્ધ છે. રોગ ગંભીર સ્થિતિમાં પહોંચવાનું જોખમ ઘટે છે. આમાં રાજ્યોમાં જિલ્લા સ્તરીય ગંભીર સંભાળ કેન્દ્રો અને ગંભીર બીમારી માટે રેફરલ સુવિધાઓ અને 24x 7 ઈમરજન્સી ઓપરેશન કેન્દ્રો સ્થાપવાની યોજનાનો સમાવેશ થાય છે.

## 2 રોગોની તપાસ માટે પરીક્ષણનું મજબૂત નેટવર્ક



આરોગ્ય પ્રયોગશાળાઓના નેટવર્કમાં રોગોના પરીક્ષણ અને દેખરેખ માટે બહુવિધ સ્તરોની પ્રયોગશાળાઓ વિકસાવવામાં આવશે. આમાં પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરની પ્રયોગશાળાઓનો સમાવેશ થાય છે.

## 3 મહામારીને લગતી સંશોધન સંસ્થાઓનું વિસ્તરણ અને સશક્તિકરણ



દેશમાં જે વાયરલ ડાયગ્નોસ્ટિક અને રિસર્ચ લેબ છે તેમાં સુધારો કરવામાં આવી રહ્યો છે. મહામારીમાં બાયોસેફ્ટી લેવલ-3 લેબ જરૂરી છે. આવી પ્રયોગશાળાઓ માત્ર પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સંશોધનનું નેટવર્ક મજબૂત કરશે.

## આ રીતે રોગ નિવારણ અને નિરાકરણમાં આત્મનિર્ભરતા વધશે

નવા સંક્રમણોને ઓળખી કાઢવા, નિદાન માટે, વર્તમાન અને ભવિષ્યની કોઈપણ મહામારીનો અસરકારક રીતે સામનો કરવા માટે સ્વાસ્થ્ય પ્રણાલી તૈયાર અને સુદૃઢ કરવા માટે એક સ્વાસ્થ્ય સંસ્થાની સ્થાપના અને WHO સાઉથ ઈસ્ટ એશિયા પ્રદેશ માટે પ્રાદેશિક સંશોધન મંચની સ્થાપના આ મિશનમાં સામેલ છે.

સમગ્ર દેશમાં **17,788** ગ્રામીણ સ્વાસ્થ્ય અને આરોગ્ય કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે.

સમગ્ર દેશમાં **11,024** શહેરી સ્વાસ્થ્ય અને આરોગ્ય કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે.

- **5** લાખથી વધારે વસ્તી વાળા 602 જિલ્લામાં જટિલ સ્વાસ્થ્ય સંભાળ હોસ્પિટલોનું નિર્માણ.
- **750** જિલ્લા અધિકૃત જન સ્વાસ્થ્ય પ્રયોગશાળા અને 3,382 તાલુકા જન સ્વાસ્થ્ય યુનિટ સ્થાપિત કરાશે.
- **4** નવા રાષ્ટ્રીય વાઈરોલોજી વિજ્ઞાન સંસ્થાની સ્થાપના.
- **5** નવા પ્રાદેશિક રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્રની સ્થાપના.
- **20** મેટ્રોપોલિટન સ્વાસ્થ્ય દેખરેખ યુનિટની સ્થાપના.
- **9** બાયોસેફ્ટી લેવલ-III સુવિધા કેન્દ્રની સ્થાપના.
- **17** પ્રવેશ સ્થળોએ નવા જન સ્વાસ્થ્ય યુનિટોનું સંચાલન.
- **15** નવા હેલ્થ ઈમરજન્સી ઓપરેશન કેન્દ્રની સ્થાપના.
- **2** કન્ટેનર આધારિત મોબાઈલ હોસ્પિટલની સ્થાપના.

રોગોને શોધી કાઢવા માટે નવી સંસ્થાઓની સ્થાપના કરવા માટે પ્રધાનમંત્રી-આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન શરૂ કરવામાં આવ્યું છે જેથી ઉભરતા રોગોનું નિદાન થઈ શકે અને તેનો સમયસર ઈલાજ થઈ શકે.

જન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સર્જન કરવા અને તેને કાર્યરત કરવાની અત્યાર સુધીની સૌથી મોટી અખિલ ભારતીય યોજના શહેરી અને ગ્રામીણ બંને ક્ષેત્રોમાં સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સર્વેલન્સ અને સંશોધનમાંના અંતરને દૂર કરવા તરફ ઝડપથી આગળ વધી રહી છે, જેથી રાષ્ટ્ર અને સમુદાય મહામારી સામે પ્રતિસાદ આપી શકે અને આરોગ્ય સંકટમાં આત્મનિર્ભર બની શકે. પીએમ આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન હેઠળ, સ્વાસ્થ્ય સંભાળ પ્રણાલીની ક્ષમતા વિકસાવવા, નવા રોગોને શોધી કાઢવા અને તેનો ઉપચાર કરવા માટે નવી સંસ્થાઓ વિકસાવવાની યોજનાઓ બનાવવામાં આવી રહી છે. આ મિશન 2025-2026 સુધીનું છે, જેમાં દેશના દરેક ખૂણામાં સારવારથી લઈને જટિલ સંશોધન સુધી સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવશે. ●

## મુખ્ય સચિવોનું રાષ્ટ્રીય સંમેલન

# ટીમ ઈન્ડિયાની ભાવનાને મજબૂત બનાવવાનો એક અદભૂત મંચ




**વિકસિત ભારતનું નિર્માણ કરવામાં લોકોના જીવનને બહેતર બનાવવા માટે અને ભારતના વિકાસના માર્ગને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. આ કારણે જ, 5-7 જાન્યુઆરી વચ્ચે દિલ્હીમાં યોજાયેલી બીજી મુખ્ય સચિવોના રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કરતા પ્રધાનમંત્રી મોદીએ વિવિધ વિષયોની એક વિસ્તૃત શ્રૃંખલા પર ભાર મૂક્યો હતો. ઉપરાંત, પ્રધાનમંત્રીએ શ્રેષ્ઠ માનવ સંસાધન વ્યવસ્થાપન સાથે પ્રગતિને વેગ આપવા માટે રાજ્ય અને કેન્દ્રને સાથે મળીને કામ કરવા પર ભાર મૂક્યો હતો...**

કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારીને વેગ આપવા માટે અને મહત્વપૂર્ણ નીતિ વિષયક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે, નવી દિલ્હીમાં રાજ્યોના મુખ્ય સચિવોનું બીજું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કાર્યશૈલીની એક વિશેષતા એ છે કે, તેઓ આવા સંમેલનોને માત્ર એક ઔપચારિકતા તરીકે નથી માનતા, પરંતુ તેનાથી આગળ વધીને તેમના માટે પૂરો સમય ફાળવે છે, ટોચના બ્યૂરોક્રેટ્સને માર્ગદર્શન આપે છે અને લાગણીઓને પ્રાધાન્ય આપે છે. સમગ્ર દેશમાંથી અધિકારીઓ પ્રધાનમંત્રીની વિચારસરણી સાથે રૂબરૂ આવે છે અને નવી શ્રદ્ધા તેમજ ઉર્જાથી સજ્જ થઈને પાયાના સ્તરે કાર્યસ્થળમાં પ્રવેશ કરે છે. મુખ્ય સચિવોનું પ્રથમ સંમેલન જૂન 2022ના રોજ ધર્મશાળામાં યોજાયું હતું.

સંમેલનનું મુખ્ય ધ્યાન ભારતના વધતા કદ અને તેમાંથી ઉભરી રહેલી જવાબદારીઓ પર હતું. આ સંમેલનમાં જનતા પર વિશ્વાસ અને જનસેવા આધારિત શાસનની ઝલક સ્પષ્ટપણે જોવા મળે છે. સંમેલનમાં ભૌતિક અને સામાજિક બંને માળખા પર ભાર મૂકવામાં આવ્યો હતો. દેશભરમાં મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમની સફળતાને ધ્યાનમાં રાખીને, અહીં મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં મળેલી સફળતાઓ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મહત્વાકાંક્ષી જિલ્લા મોડલને હવે મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમના રૂપમાં તાલુકા સ્તર સુધી લઈ જવા જોઈએ. ઉપરાંત, તેમણે બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને પોતપોતાના રાજ્યોમાં મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમનો અમલ કરવા માટે જણાવ્યું હતું.

આ સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અગાઉ યોજાયેલા સંમેલનથી અત્યાર સુધીમાં વિકાસના ક્ષેત્રમાં દેશની મુખ્ય સિદ્ધિઓ, G-20નું ભારતનું અધ્યક્ષપદ, વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવું, સ્ટાર્ટઅપ્સની વધી રહેલી સંખ્યા,



## મુખ્ય સચિવોના બીજા રાષ્ટ્રીય સંમેલનમાં છ વિષયો પર ચર્ચા કરવામાં આવી

સંમેલનનો એજન્ડા છેલ્લા ત્રણ મહિનામાં મુખ્ય મંત્રાલયો, નીતિ આયોગ, રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો અને વિષયોના નિષ્ણાતો સાથે 150 થી વધુ ભૌતિક અને વર્ચ્યુઅલ બેઠકોમાં સઘન ચર્ચા કર્યા પછી નક્કી કરવામાં આવ્યો હતો. આ સંમેલનમાં કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ, મુખ્ય સચિવો અને અન્ય રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો અને વિષયના નિષ્ણાતો સહિત 200 થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

- ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ
- મહિલાઓનું સશક્તિકરણ
- MSMEને વેગ આપવો
- સ્વાસ્થ્ય અને પોષણ
- અનુપાલન ઓછું કરવું
- કૌશલ્ય વિકાસ

### આ ઉપરાંત ચાર વિષયો પર પણ ચર્ચા કરવામાં આવી હતી

- વોકલ ફોર લોકલ
- આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ
- G-20: રાજ્યોની ભૂમિકા
- ઉભરતી ટેક્નોલોજીઓ

### કાર્યક્રમમાં ત્રણ વિશેષ સત્રોનું પણ આયોજન કરાયું

- વિકસિત ભારતઃ અંતિમ માઈલસ્ટોન સુધી પહોંચવું
- વસ્તુ અને સેવા કર (GST)ના અમલના 5 વર્ષ બોધપાઠ અને અનુભવ
- વૈશ્વિક ભૌગોલિક રાજનીતિના પડકારો અને ભારતનો પ્રતિભાવ

> મુખ્ય સચિવોના સંમેલનમાં ભાગ લીધો. મહત્વપૂર્ણ નીતિ વિષયક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવા અને ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે ટીમ ભાવનાને મજબૂત કરવા માટે આ સંમેલન એક અદ્ભુત મંચ છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી


અવકાશમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ, નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનની સ્વીકૃતિ સહિત અનેક પાસાઓ વિશે માહિતી આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "મારા સંબોધન દરમિયાન, લોકોના જીવનને સુધારી શકે અને ભારતના વિકાસના માર્ગને મજબૂત કરી શકે તેવા વિષયોની વિશાળ શ્રેણી પર ભાર મૂકવામાં આવ્યો. વિશ્વની નજર ભારત પર હોવાની સાથે જ, આપણા યુવાનોની પ્રતિભાના સમૃદ્ધ ભંડાર સાથે આવનારા વર્ષો આપણા રાષ્ટ્રના હશે. આવા સમયમાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોકાણ, ઈનોવેશન અને સમાવેશના ચાર સ્તંભો તમામ ક્ષેત્રોમાં સુશાસનને પ્રોત્સાહન આપવાના અમારા પ્રયત્નોને આગળ વધારશે."

### MSME ક્ષેત્રને સતત મજબૂત બનાવવું પડશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંમેલનમાં જણાવ્યું હતું કે, રાજ્યોએ MSMEને ઔપચારિક બનાવવા માટે સક્રિયપણે કામ કરવું જોઈએ. હું નિશ્ચિતપણે માનું છું કે આપણે આપણા MSME ક્ષેત્રને સતત મજબૂત બનાવવું પડશે. આત્મનિર્ભર બનવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ અત્યંત મહત્વપૂર્ણ છે. સ્થાનિક ઉત્પાદનોને લોકપ્રિય બનાવવું પણ એટલું જ મહત્વનું છે.

### જૂના કાયદાને નાબૂદ કરવાની જરૂર છે

આ કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જૂના થઈ ગયેલા કાયદાઓને નાબૂદ કરવાની જરૂરિયાત વિશે વાત કરી હતી, જેમાંથી કેટલાક તો આઝાદી મળી ત્યારથી અમલમાં છે. તેમણે કહ્યું કે, "મેં મુખ્ય સચિવોને બિનજરૂરી અનુપાલન અને જૂના કાયદા અને નિયમોને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી હતી. જ્યારે ભારત અભૂતપૂર્વ સુધારાઓ શરૂ કરી રહ્યું છે તેવા સમયમાં, અતિશય નિયમન અને સમજ વગરના પ્રતિબંધો માટે કોઈ જ અવકાશ નથી." ●



## વિશ્વના સૌથી લાંબા રિવર ક્રૂઝ-MV ગંગા વિલાસને લીલી ઝંડી બતાવી

# નદી જળમાર્ગ, ભારતનું નવું સામર્થ્ય

**આપણા ઉત્સવો, દાન, તપ, સાધના અને આપણા સંકલ્પોની સિદ્ધિ માટે આપણી આસ્થા અને આપણી માન્યતાઓનું પોતાનું આગવું મહત્વ છે. આમાં આપણી નદીઓની ભૂમિકા મહત્વની છે. ક્રૂઝ પર્યટન અને નદીના જળમાર્ગોના વિકાસના નવા યુગનો આરંભ કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 13 જાન્યુઆરીના રોજ વિશ્વની સૌથી લાંબી નદી ક્રૂઝ - MV ગંગા વિલાસને લીલી ઝંડી બતાવીને રવાના કર્યું હતું અને વારાણસીમાં એક ટેન્ટ સિટીનું ઉદ્ઘાટન કર્યું. MV ગંગા વિલાસ ક્રૂઝ પૂર્વ ભારતમાં પર્યટનને લગતા સંખ્યાબંધ સ્થળોને વિશ્વના પર્યટન નકશા પર વધુ આગવી રીતે લાવશે...**

ગંગા નદી આપણા સૌના માટે માત્ર એક પ્રવાહ નથી. પરંતુ, તે પ્રાચીન કાળથી ભારતની આ મહાન ભૂમિની તપસ્યા અને સાધનાની સાક્ષી રહી છે. ભારતની સ્થિતિ ભલે ગમે તેવી રહી હોય, ગંગા માતાએ હંમેશા લાખો ભારતીયોને પોષણ અને પ્રેરણા આપ્યા છે. વિશ્વનું સૌથી લાંબી નદીમાં ચાલનારું ક્રૂઝ - MV ગંગા વિલાસને ઝંડી બતાવીને તેનો શુભારંભ કરાવતા અને વારાણસીમાં ટેન્ટ સિટીનું ઉદ્ઘાટન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, “એક તરફ અમે નમામિ ગંગે દ્વારા ગંગાજીની સ્વચ્છતા માટે કામ કર્યું, તો બીજી તરફ અર્થ ગંગાનું અભિયાન પણ શરૂ કર્યું, એટલે કે, અમે ગંગાની આસપાસ આવેલા રાજ્યોમાં આર્થિક પ્રવૃત્તિઓનું નવું વાતાવરણ બનાવવા માટે પગલાં લીધાં છે. આ ગંગા વિલાસ ક્રૂઝ અર્થ ગંગામાં તેના અભિયાનને નવી તાકાત આપશે. આ ક્રૂઝ ઉત્તર પ્રદેશ, બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશની મુસાફરી દરમિયાન તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ પૂરી પાડશે.” ક્રૂઝ ટુરીઝમનો આ નવો જમાનો શરૂ થયો હોવાથી આ ક્ષેત્રમાં રોજગાર તેમજ સ્વ-રોજગારીની નવી તકોનું સર્જન થશે અને જ્યાંથી આ ક્રૂઝ પસાર થશે ત્યાં વિકાસની નવી લાઈન ઊભી કરશે. આ રિવર ક્રૂઝ

### ગંગા વિલાસ રિવર ક્રૂઝની વિશેષતાઓ

- પ્રવાસીઓ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ અને બાંગ્લાદેશમાંથી પસાર થશે.
- 27 નદીઓ દ્વારા 51 દિવસમાં વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ, નદીના વિવિધ ઘાટ, રાષ્ટ્રીય ઉદ્યાનો સહિત 50 પર્યટન સ્થળોની સહેલગાહ કરાવશે.
- આધુનિક સુવિધાઓ સાથે 3,200 કિમીનો પ્રવાસ.
- કાશીથી સારનાથ, માજુલીથી માયોંગ સુધી, સુંદરવનથી કાઝીરંગા સુધીની રોમાંચક સફર.
- 62.5 મી. x 12.8 મી.ના ક્રૂઝમાં ફાઈવ સ્ટાર હોટેલ જેવી સુવિધાઓ.
- 36 પ્રવાસીઓની ક્ષમતા સાથે અત્યાધુનિક સુવિધાઓ સાથે 18 લક્ઝરી સ્યૂટ.
- ફ્રેન્ચ બાલ્કની, ઓપન સ્પેસ બાલ્કની, જીમ, સ્ટડી રૂમ, સ્પા, સલૂન, લાઈબ્રેરીની સુવિધા.
- સાંસ્કૃતિક કાર્યક્રમો અને આધુનિક જીવન બચત સાધનો/સુવિધાઓથી સજ્જ.








### વારાણસીના ટેન્ટ સિટીની વિશેષતાઓ

- લક્ઝરી સુવિધાઓથી સજ્જ 265 કોટેજ.
- ઓનલાઈન-ઓફલાઈન બુકિંગની સુવિધા.
- બનારસી પરંપરા અનુસાર મહેમાનોનું સ્વાગત.
- 800 પ્રવાસી ક્ષમતાનું યોગ ધ્યાન કેન્દ્ર.
- ઠંડીથી બચાવવા માટે બોન ફાયર અને બ્લોઅર.
- ખાસ બોટ, પીવાનું પાણી, વીજળી, રસ્તા સહિત અન્ય સુવિધાઓ.
- દારૂ અને માંસ મુક્ત જગ્યા.
- ગંગા આરતી અને શ્રીકાશી વિશ્વનાથધામના દર્શનની સુવિધા.
- 20x20 ફૂટ ફ્લોટિંગ બાથ ટબ અને ચેન્જિંગ રૂમ.

### મલ્ટી મોડલ ટર્મિનલ - હલ્દિયા

**પ્રોજેક્ટ ખર્ચઃ** 600 કરોડ

- NW-1 ભારત-બાંગ્લાદેશ પ્રોટોકોલ માર્ગ અને પૂર્વોત્તર વિસ્તારને જોડશે.
- માર્ગ અને રેલ્વે વચ્ચેના ઈન્ટરફેસથી લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે.
- 3.07 મિલિયન ટનની વાર્ષિક ક્ષમતા.

### સમુદ્રી કૌશલ્ય વિકાસ કેન્દ્ર

**પ્રોજેક્ટ ખર્ચઃ** 6 કરોડ

- પૂર્વોત્તર માટે બમ્પર તક.
- સ્થાનિક યુવાનો માટે વધુ સારી રોજગારી.
- મેરીટાઈમ ક્ષેત્ર માટેની તાલીમ.

### સામુદાયિક જેટ્ટી ઉ.પ્ર. (સૈદપુર, ચોચકપુર, ઝમાનિયા, કંસપુર)

**પ્રોજેક્ટ ખર્ચઃ** 10 કરોડ

- નાના વેપારીઓ, ખેડૂતો, પ્રવાસીઓ વગેરે માટે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો.
- સ્થાનિક સમુદાય માટે આજીવિકાની નવી તકો.
- રોજગાર અને પર્યટનમાં વધારો.

### પાંડુ (ગુવાહાટી) ખાતે જહાજ સમારકામ કેન્દ્ર

**પ્રોજેક્ટ ખર્ચ** 208 કરોડ

- કોલકાતા માટે વૈકલ્પિક જહાજ સમારકામ કેન્દ્ર.
- જહાજના માલિકો માટે બળતણ અને મજૂરી ખર્ચમાં બચત.
- જહાજોના સલામતી ધોરણોનું પાલન અને કાર્યક્ષમ ઉપયોગ.
- પૂર્વોત્તરમાં ઉદ્યોગ અને રોજગાર માટે સારી તકો.

### બિહારમાં સામુદાયિક જેટ્ટીઓ (બિધા, નકટાવિયારા, પાનાપુર, બાદ, હસનપુર)

**પ્રોજેક્ટ ખર્ચઃ** 12 કરોડ

- પ્રદૂષણ મુક્ત અને ઓછી ખર્ચાળ પરિવહન પદ્ધતિ.
- ટ્રાફિકમાં ઘટાડો અને રાજ્યનો સામાજિક-આર્થિક વિકાસ.
- સ્થાનિક બજારમાં સીધી પહોંચ અને પર્યટનને પ્રોત્સાહન.

### MMT પાંડુ અને NH-27ને જોડતો એલિવેટેડ માર્ગ

**પ્રોજેક્ટ ખર્ચઃ** 180 કરોડ

- ટ્રાફિક જામથી મુક્તિ.
- માલસામાનના આવાગમનમાં દરરોજ 200 MT નો વધારો.
- હવામાનની તમામ પરિસ્થિતિઓમાં 24x7 મુશ્કેલી મુક્ત આવનજાવન.

વારાણસીથી ઢાકા થઈને દિબ્રુગઢ જશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, “21મી સદીનો આ દાયકો ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં પરિવર્તનનો દાયકો છે. આ દાયકામાં ભારતની જનતા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની એવી તસવીર જોવા જઈ રહી છે, જેની કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. આમાં નદીના જળમાર્ગો ભારતની નવી તાકાત બની રહ્યા છે. આ માત્ર વિદેશી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર નહીં બને, બલ્કે આપણા દેશના જે પ્રવાસીઓ અગાઉ આવા અનુભવો માટે વિદેશ જતા હતા તેઓ પણ હવે પૂર્વોત્તર ભારત તરફ વળી શકશે. ●

## ગુલામીની માનસિકતામાંથી બહાર નીકળીને

# આત્મનિર્ભરતા તરફ વધતા ભારતનું પ્રતીક છે 'વંદે ભારત'

**નવા અને ઝડપથી બદલાતા વિકસિત ભારતના સપનાને વંદે ભારત ટ્રેન નવી ગતિ આપી રહી છે. જોત-જોતામાં સ્વદેશી વંદે ભારત ટ્રેન દેશના નકશા પર ઝડપથી ફેલાઈ રહી છે. ભારત સરકારની તૈયારી આગામી વર્ષોમાં વંદે ભારત ટ્રેન દ્વારા વિશ્વ મંચ પર છવાઈ જવાની છે, જેના પર રેલ્વે મંત્રાલયે પણ કામ શરૂ કરી દીધું છે. વિદેશો કરતાં પહેલાં ભારતીય વિકાસને વેગ આપવા માટે છેલ્લા 15 દિવસમાં બે નવી વંદે ભારત ટ્રેન રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે. ચારેય દિશામાં દોડતી આ વંદે ભારત ટ્રેન ન માત્ર નવા ભારતના સંકલ્પ અને ક્ષમતાનું પ્રતીક છે, પરંતુ તે ગુલામીની માનસિકતામાંથી આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહેલા ભારતનું પણ પ્રતીક બની રહી છે...**



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 જાન્યુઆરીએ દેશની આઠમી, દક્ષિણ ભારતની બીજી અને આ વર્ષની પ્રથમ વંદે ભારત ટ્રેન દેશના લોકોને ભેટ આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ સિકંદરાબાદથી વિશાખાપટ્ટનમને જોડતી વંદે ભારત 2.0 ટ્રેનને લીલી ઝંડી બતાવી જે સિકંદરાબાદથી વિશાખાપટ્ટનમ સુધીનું લગભગ 700 કિલોમીટરનું અંતર આઠ કલાકમાં કાપશે. અત્યાર સુધી આ અંતર કાપવામાં લગભગ 12 કલાકનો સમય લાગતો હતો. આંધ્રપ્રદેશમાં આ ટ્રેન વિશાખાપટ્ટનમ, રાજમુન્દ્રી અને વિજયવાડામાં રોકાશે જ્યારે તેલંગાણામાં તે ખમ્મમ, વારંગલ અને સિકંદરાબાદમાં ઉભી રહેશે. આ સ્થળોએ ટ્રેનના સ્ટોપેજથી યાત્રાળુઓ અને પ્રવાસીઓને પણ ઘણો ફાયદો થશે.

> **"વંદે ભારત ટ્રેનની બીજી વિશેષતા એ છે કે આ ટ્રેન નવા ભારતના સંકલ્પ અને સામર્થ્યનું પ્રતિક છે. તે એવા ભારતનું પ્રતીક છે જે ઝડપી પરિવર્તનના માર્ગ પર છે. એક એવું ભારત જે તેના સપનાઓ, તેની આકાંક્ષાઓ માટે અધીર છે. આવું ભારત, જે ઝડપથી આગળ વધીને પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માંગે છે."**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# દેશની પ્રથમ સેમી હાઈ સ્પીડ ટ્રેન 'વંદે ભારત'



- **પહેલી:** દેશમાં નવી દિલ્હીથી વારાણસી વચ્ચેની પ્રથમ વંદે ભારત ટ્રેનને 15 ફેબ્રુઆરી 2019ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલી ઝંડી બતાવી હતી. તે નવી દિલ્હીથી વાયા કાનપુર, પ્રયાગરાજ થઈને વારાણસી સુધીનું 757 કિમીનું અંતર આઠ કલાકમાં કાપે છે.
- **બીજી:** નવી દિલ્હીથી શ્રી માતા વૈષ્ણો દેવી, કટરા રેલ્વે સ્ટેશન વચ્ચે 3 ઓક્ટોબર, 2019ના રોજ વંદે ભારત ટ્રેનને ઝંડી બતાવવામાં આવી હતી. 655 કિલોમીટરનું આ અંતર આઠ કલાકમાં કપાય છે જ્યારે અન્ય ટ્રેન લગભગ 12 કલાકમાં આ અંતર કાપે છે. આ ટ્રેન દિલ્હીથી અંબાલા કેન્ટ, લુધિયાણા અને જમ્મુ તાવી થઈને કટરા પહોંચે છે.
- **ત્રીજી:** 30 સપ્ટેમ્બર 2022 ના રોજ, મુંબઈ અને ગાંધીનગર વચ્ચે વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવવામાં આવી હતી. તે લગભગ સવા છ કલાકમાં 519 કિલોમીટરનું અંતર કાપે છે.
- **ચોથી:** 13 ઓક્ટોબર, 2022 ના રોજ, હિમાચલ પ્રદેશના અંબ અંદૌરા અને નવી દિલ્હી વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ થઈ હતી. 412 કિલોમીટરનું આ અંતર સવા પાંચ કલાકમાં કાપવામાં આવે છે. આ ટ્રેન દિલ્હી પછી અંબાલા, ચંદીગઢ, આનંદપુર સાહિબ અને ઉના હિમાચલ થઈને અંદૌરા પહોંચે છે.
- **પાંચમી:** 11 નવેમ્બર, 2022ના રોજ, ચેન્નાઈ-મૈસુર વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવવામાં આવી હતી. દક્ષિણ ભારતની આ પ્રથમ વંદે ભારત ટ્રેન છે. 504 કિલોમીટરનું અંતર લગભગ સાડા છ કલાકમાં કાપવામાં આવે છે. આ ટ્રેન શરૂ થવાથી, ઔદ્યોગિક હબ ચેન્નાઈ, ટેક્નોલોજીકલ-સોફ્ટવેર-સ્ટાર્ટઅપ હબ બેંગલુરુ અને પર્યટન સ્થળ મૈસૂર આવતા-જતા પ્રવાસીઓની મુસાફરી સરળ બની ગઈ છે.
- **છઠ્ઠી:** 11 ડિસેમ્બર, 2022 ના રોજ, બિલાસપુર-નાગપુર વંદે ભારત ટ્રેનને નાગપુર રેલ્વે સ્ટેશનથી લીલી ઝંડી બતાવીને રવાના કરવામાં આવી હતી. 411 કિલોમીટરનું અંતર સાડા પાંચ કલાકમાં કાપવામાં આવે છે, જ્યારે અગાઉ આ અંતર કાપવામાં સાતથી આઠ કલાકનો સમય લાગતો હતો.
- **સાતમી:** હાવડાથી ન્યૂ જલપાઈગુડીને જોડતી વંદે ભારત ટ્રેનને 30 ડિસેમ્બર, 2022ના રોજ લીલી ઝંડી બતાવવામાં આવી હતી. 564 કિમીનું અંતર કાપવામાં સાડા સાત કલાકનો સમય લાગે છે. આ ટ્રેન માલદા ટાઉન, બારસોઈ અને કિશનગંજ રેલ્વે સ્ટેશનો પર ઉભી રહે છે.

## છેલ્લા આઠ વર્ષમાં તેલંગાણામાં રેલવેના કામ

- 2014 પહેલાંના આઠ વર્ષમાં તેલંગાણામાં રેલવેનું બજેટ 250 કરોડ રૂપિયાથી ઓછું હતું, જે હવે વધીને 3000 કરોડ રૂપિયા થઈ ગયું છે.
- 2014 પહેલાંના આઠ વર્ષમાં તેલંગાણામાં 125 કિલોમીટરથી ઓછી રેલ્વે લાઈન બનાવવામાં આવી હતી, જ્યારે છેલ્લા 8 વર્ષમાં લગભગ 325 કિલોમીટરની રેલવે લાઈન પૂર્ણ થઈ છે.
- આઠ વર્ષમાં તેલંગાણામાં 225 કિલોમીટરથી વધુ ટ્રેકને મલ્ટિ-ટ્રેકિંગમાં રૂપાંતરિત કરવાનું કામ કરવામાં આવ્યું છે.

## આંધ્રપ્રદેશમાં આ રીતે રેલવે નેટવર્ક મજબૂત થઈ રહ્યું છે

- પાછલા વર્ષોમાં, આંધ્રપ્રદેશમાં 350 કિમી નવી રેલ લાઈન બનાવવાનું અને લગભગ 800 કિમી મલ્ટી-ટ્રેકિંગનું બાંધકામ પૂરું થયું છે.
- અગાઉની સરકારના સમયમાં, આંધ્રપ્રદેશમાં વાર્ષિક 60 કિલોમીટરના રેલવે ટ્રેકનું વિદ્યુતીકરણ કરવામાં આવતું હતું, હવે આ ઝડપ વધીને વાર્ષિક 220 કિલોમીટરથી વધુ થઈ ગઈ છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, વંદે ભારત ઝડપથી પાટા પર દોડી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સાત વંદે ભારત ટ્રેનોએ કુલ 23 લાખ કિલોમીટરનું અંતર કાપ્યું છે. આ અંતર પૃથ્વીની 58 પરિક્રમાની સમકક્ષ છે. અત્યાર સુધીમાં 40 લાખથી વધુ લોકોએ આ ટ્રેનોમાં મુસાફરી કરી છે. રેલ્વે આગામી ત્રણ વર્ષમાં 400 વંદે ભારત ટ્રેનોને પાટા પર દોડાવવાની તૈયારી કરી રહ્યું છે. ●



## માતૃભૂમિના રક્ષણ અને રાષ્ટ્રનિર્માણમાં આપી

# પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક કણ

**સ્વતંત્રતાના પ્રેમીઓએ માતૃભૂમિને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવા માટે અથાક લડત આપી હતી અને દરેક દિવસ, સમયની પ્રત્યેક ક્ષણ, જીવનનો પ્રત્યેક કણ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. આઝાદીની ચળવળમાં દરેક દેશવાસીને માત્ર એકતાના દોરમાં જોડવાનો પ્રયાસ નહોતો કરવામાં આવ્યો, પરંતુ નાગરિકોમાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પણની ભાવનાને પણ મજબૂત કરવામાં આવી હતી. સુહાસિની ગાંગુલી, અબ્બાસ તૈયબજી, બદ્રીદત્ત પાંડેય અને દામોદર સ્વરૂપ સેઠ આવા જ સ્વાતંત્ર્ય સેનાની હતા જેમણે અંગ્રેજો સામે વર્ષો સુધી આઝાદીની અનેક ચળવળોમાં બાથ ભીડી અને તેમણે લાંબો સમય જેલના સળિયા પાછળ વિતાવ્યો. સાથે જ, આ સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારતમાં સામૂહિક ચેતના ફરી જગાવવાનું કામ પણ કર્યું હતું**

# સુહાસિની ગાંગુલી



## ભારતની આઝાદી માટે આખું જીવન સમર્પિત કરી દીધું

જન્મઃ 3 ફેબ્રુઆરી 1909, અવસાનઃ 23 માર્ચ 1965


ભારતની આઝાદીનું સ્વપ્ન જોનારા અને તેના માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનારા મહાન સ્વાતંત્ર્ય સેનાની સુહાસિની ગાંગુલીનો જન્મ 3 ફેબ્રુઆરી 1909ના રોજ અવિભાજિત બંગાળના ખુલના જિલ્લામાં થયો હતો. તેમના પિતાનું નામ અવિનાશચંદ્ર ગાંગુલી અને માતાનું નામ સરલા સુંદરા દેવી હતું. તેમણે ઢાકા ઈડન સ્કૂલમાંથી 1924માં મેટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યો હતો. બાદમાં તેઓ બહેરા અને મૂંગા બાળકો માટેની વિશેષ શાળામાં ભણાવવા કલકત્તા ગયા. ત્યાં તેઓ રોકાયા તે દરમિયાન તેઓ પ્રીતિલતા વાડેદાર અને કમલા દાસ ગુપ્તાના સંપર્કમાં આવ્યા હોવાનું માનવામાં આવે છે જેમણે તેમને જુગાંતર ક્રાંતિકારી જૂથનો ભાગ બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. જુગાંતર ગ્રૂપમાં જોડાયા બાદ તેમણે 'છાત્રી સંઘ' નામના એક સંગઠન માટે પણ કામ કરવાનું શરૂ કર્યું.

આ સમય દરમિયાન તેમનો પરિચય સમાન વિચારધારા અને ભારતની આઝાદીની ઈચ્છા ધરાવતા લોકો સાથે થયો હતો. દરમિયાન, સુહાસિની ગાંગુલીની સક્રિયતાને કારણે, અંગ્રેજોએ તેના પર કડક નજર રાખવાનું શરૂ કર્યું. આવી સ્થિતિમાં તેમના માટે કલકત્તાની બહાર કામ કરવું ઘણું મુશ્કેલ થઈ ગયું હતું. ચટગાંવ વિદ્રોહ પછી જુગાંતર પાર્ટીના ઘણા સભ્યોને છુપાઈ જવાની ફરજ પડી હતી. આવી સ્થિતિમાં સુહાસિની ગાંગુલીને પણ ધરપકડના ડરથી ફ્રેંચના તાબામાં રહેલા ચંદનનગરમાં આશરો લેવો પડ્યો હતો. ત્યાં તે ક્રાંતિકારી શશિધર આચાર્યના છદ્મ ધર્મ પત્ની તરીકે રહેવા લાગ્યા. ત્યાં તેમણે એક શાળામાં કામ કરવાનું શરૂ કર્યું અને તમામ ક્રાંતિકારીઓમાં સુહાસિની દીદી તરીકે ઓળખાવા લાગ્યા. જો કે, અંગ્રેજોએ તેમનો પીછો છોડ્યો ન હતો અને ચંદનનગરમાં તેમના ઘર પર બ્રિટિશ પોલીસ અધિકારીઓની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ સુહાસિની ગાંગુલી, શશિધર આચાર્ય અને ગણેશ ઘોષની ધરપકડ કરવામાં આવી હતી. તેમને છ વર્ષ સુધી ખડગપુર નજીક હિજલી જેલ કેમ્પમાં રાખવામાં આવ્યા હતા. બાદમાં, આ હિજલી ડિટેન્શન કેમ્પ ખડગપુર IITનું કેમ્પસ બની ગયું.

હિજલીમાંથી મુક્ત થયા પછી, ગાંગુલીએ દેશની આઝાદી માટે તેમનો સંઘર્ષ ચાલુ રાખ્યો. તેઓ સત્તાવાર રીતે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાઈ ગયા અને પાર્ટીના કાર્યોમાં સક્રિયપણે ભાગ લેવાનું શરૂ કર્યું. ભારત છોડો ચળવળમાં સક્રિયપણે ભાગ લેનાર ક્રાંતિકારી હેમંત તરાફદારને આશ્રય આપવા બદલ સુહાસિની ગાંગુલીને ફરીથી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. જેલમાંથી છૂટ્યા પછી, તેમણે ધનબાદના એક આશ્રમમાં રહેવાનું શરૂ કર્યું અને આઝાદી પછી તેમણે આખું જીવન સામાજિક, આધ્યાત્મિક કાર્યોમાં સમર્પિત કર્યું. 23 માર્ચ 1965ના રોજ માર્ગ અકસ્માતમાં સુહાસિની ગાંગુલીનું અવસાન થયું હતું.

# વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે

આઝાદી પછી, સરકારે ડેરી ક્ષેત્રની ક્ષમતા વધારવા માટે સતત કામ કર્યું છે. આજે તેનું પરિણામ દૂધ ઉત્પાદન તેમજ ખેડૂતોની આવકમાં વૃદ્ધિના રૂપમાં દેખાઈ રહ્યું છે. આજે સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદન 2%ના દરે વધી રહ્યું છે, જ્યારે ભારતમાં તેનો વૃદ્ધિ દર 6%થી વધુ છે. લાખો નાના અને સીમાંત ડેરી ખેડૂતોના યોગદાનથી ભારતમાં આજે માથાદીઠ દૂધની ઉપલબ્ધતા વિશ્વની સરેરાશ કરતાં ઘણી વધારે છે. સાથે જ, ભારત સમગ્ર વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની ગયો છે. દુનિયાભરના દેશોમાં, ખેડૂતોને ડેરી ઉદ્યોગમાં દૂધ ઉત્પાદનમાંથી માત્ર 40-50% સુધી નફો મળે છે, પરંતુ ભારતમાં, ડેરી સહકારી મંડળીઓ ગ્રાહક કિંમતના વળતરના 70% રિટર્ન દૂધ ઉત્પાદક ખેડૂતોના બેંક ખાતામાં જમા કરે છે, જે ભારતની એક મોટી સિદ્ધિ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારત દરેક ગરીબ દેશને દૂધ ઉત્પાદનો પ્રદાન કરીને વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને પરિપૂર્ણ કરવાનું લક્ષ્ય રાખે છે.



ભારતમાં દૂધ ઉત્પાદન (મિલિયન ટનમાં)

- વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ભારતનું યોગદાન 21 ટકા છે.
- ઉત્પાદન 1950-51માં 17 મેટ્રિક ટન હતું જે વધીને 2020-21માં 209.96 મેટ્રિક ટન થઈ ગયું.
- 2020-2021માં માથાદીઠ દૂધની ઉપલબ્ધતા 427 ગ્રામ/દિવસ હતી, જે 1950-51માં 130 ગ્રામ/દિવસ હતી.

# અબ્બાસ તૈયબજી દાંડી કૂચના નાયક 'છોટા ગાંધી'

જન્મઃ 1 ફેબ્રુઆરી, 1854, અવસાનઃ 9 જૂન, 1936



**અબ્બાસ તૈયબજી વિશે એવું કહેવાય છે કે, તેઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ખૂબ નજીક હતા. આ જ કારણ છે કે, તેમણે વર્ષો સુધી મહાત્મા ગાંધી સાથે કામ કર્યું અને લોકો તેમને પ્રેમથી 'છોટા ગાંધી' કહેતા.**

સ્વાતંત્ર્ય સેનાની અને મહાન દેશભક્ત અબ્બાસ તૈયબજીનો જન્મ 1 ફેબ્રુઆરી, 1854ના રોજ ગુજરાતના વડોદરામાં થયો હતો. અબ્બાસ તૈયબજી અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા અને ત્યાંથી વકીલાતની ડિગ્રી લઈને ભારત પાછા ફર્યા. આ પછી તેમણે વકીલાત શરૂ કરી અને પછી વડોદરાના મુખ્ય ન્યાયાધીશ બનાવવામાં આવ્યા. 1919માં, જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે કોંગ્રેસે એક તપાસ સમિતિની રચના કરી, જેના અધ્યક્ષ તરીકે અબ્બાસ તૈયબજીની નિમણૂક કરવામાં આવી. એવું કહેવામાં આવે છે કે, તેઓ એક સમૃદ્ધ પરિવારમાંથી આવતા હતા, પરંતુ જલિયાવાલા બાગ હત્યાકાંડથી તેમના મન પર એવી અસર પડી હતી કે તેમણે પોતાના તમામ પશ્ચિમી કપડા સળગાવી દીધા હતા. સાથે જ, તેમણે અંગ્રેજો દ્વારા બનાવેલી વસ્તુઓનો પણ બહિષ્કાર કર્યો અને રાષ્ટ્રીય આંદોલનમાં ઝંપલાવ્યું હતું.

અબ્બાસ તૈયબજી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ખૂબ નજીક હોવાનું માનવામાં આવે છે. આ જ કારણ છે કે તેમણે વર્ષો સુધી મહાત્મા ગાંધી સાથે કામ કર્યું અને લોકો તેમને પ્રેમથી 'છોટા ગાંધી' કહેતા. તેમણે મહાત્મા ગાંધીના વિચારો ફેલાવવાનો સંકલ્પ કર્યો. વિચારોનો પ્રસાર કરવાના આ સંકલ્પ હેઠળ, તેમણે બળદગાડામાં મુસાફરી કરવાનું શરૂ કર્યું અને ખાદીના કપડાં પણ વેચ્યા. મહાત્મા ગાંધીએ તેમના પર મૂકેલા ભરોસાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે જ્યારે તેમણે દાંડી કૂચ કાઢવાનો નિર્ણય લીધો હતો ત્યારે તેમની ધરપકડના કિસ્સામાં કૂચનું નેતૃત્વ કરવા માટે નામાંકિત કરાયેલ વ્યક્તિ અન્ય કોઈ નહીં પણ અબ્બાસ તૈયબજી હતા. અબ્બાસ તૈયબજીની ધરપકડ બાદ સરોજિની નાયડુને સત્યાગ્રહનું નેતૃત્વ કરવા માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. દાંડી કૂચ મીઠા સત્યાગ્રહમાં સક્રિયપણે ભાગ લઈને અબ્બાસ તૈયબજીએ બ્રિટિશ સરકારનો સખત વિરોધ કર્યો હતો. એટલું જ નહીં, અબ્બાસ તૈયબજીએ મહાત્મા ગાંધીના આહ્વાન પર દેશના તમામ નાના-મોટા આંદોલનોમાં સક્રિયપણે ભાગ લીધો અને જીવનની અંતિમ ક્ષણો સુધી અંગ્રેજો સામે લડતા રહ્યા હતા. તેમણે 1928માં બારડોલી સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલને પણ સમર્થન આપ્યું હતું. તેઓ હિન્દુ-મુસ્લિમ એકતાના પક્ષમાં હતા અને તેથી જ તેઓ હંમેશા તેમની એકતા પર ભાર મૂકતા હતા. આ મહાન સ્વાતંત્ર્ય સેનાનીએ 9 જૂન 1936ના રોજ મસૂરી ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. મહાત્મા ગાંધીએ તેમની સ્મૃતિમાં 'હરિજન' અખબારમાં 'ગુજરાતના ગ્રાન્ડ ઓલ્ડ મેન' શીર્ષક સાથે એક લેખ લખ્યો હતો જેમાં તેમને માનવતાના દુર્લભ સેવક કહેવામાં આવ્યા હતા.

દાંડી કૂચની યાદમાં દિલ્હીના સરદાર પટેલ માર્ગ-મધર ટેરેસા ક્રેસન્ટ ખાતે 'અગિયાર પ્રતિમા' સ્થાપિત કરવામાં આના છે. અગિયાર પ્રતિમાઓ મહાત્મા ગાંધી, માતંગિની હઝરા, સરોજિની નાયડુ તેમજ અબ્બાસ તૈયબજીને પણ દર્શાવાયા છે.

# બદ્રીદત્ત પાંડે



## જેમણે ઉત્તરાયણીના મેળામાં કુલી બેગારનો અંત આણ્યો હતો

જન્મઃ 15 ફેબ્રુઆરી 1882, અવસાનઃ 13 જાન્યુઆરી 1965

પત્રકારત્વથી જન આંદોલનની શરૂઆત કરનાર સ્વતંત્રતા સેનાની બદ્રીદત્ત પાંડેનો જન્મ 15 ફેબ્રુઆરી 1882ના રોજ હાલના ઉત્તરાખંડના હરિદ્વાર જિલ્લામાં થયો હતો. તેમણે અલ્મોડામાં રહીને દેશની આઝાદીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને ઘણી વખત જેલમાં પણ ગયા હતા. તેઓ માત્ર સાત વર્ષના હતા ત્યારે તેના માતા-પિતાનું અવસાન થયું હતું. ત્યાર બાદ તેઓ અભ્યાસ પૂરો થયા ત્યાં સુધી અલ્મોડામાં રહ્યા અને 1903માં નૈનીતાલમાં શિક્ષક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તે જ સમયે, તેમણે પત્રકારત્વ શરૂ કર્યું અને 1903 થી 1910 વચ્ચે 'લીડર' અખબારમાં કામ કર્યું. સ્વતંત્રતાની ચળવળમાં યોગદાન આપવા માટે, તેમણે 1913માં 'અલમોરા અખબાર'ની સ્થાપના કરી. જો કે, બ્રિટિશ વિરોધી સમાચાર પ્રકાશિત થવાને કારણે, સત્તાવાળાઓએ અખબારને બળજબરીથી બંધ કરાવી દીધું હતું. 15 ઓક્ટોબર 1918ના રોજ તેમણે 'શક્તિ' નામનું ક્રાંતિકારી અખબાર શરૂ કર્યું હતું.


1921માં, બાગેશ્વર નગરમાં રહેતા કુમાઉના સામાન્ય લોકોએ 'કુલી બેગાર' તરીકે ઓળખાતી અહિંસક ચળવળ શરૂ કરી. કુલી બેગાર એક એવો કાયદો હતો જેમાં કુમાઉની પહાડીઓમાં રહેતા સ્થાનિક લોકો માટે બ્રિટિશ અધિકારીઓ, સૈનિકો, સર્વેયર વગેરેને મફતમાં સામાન લઈ જવાનું ફરજિયાત કરવામાં આવ્યું હતું. આ શોષણ પ્રથા લોકોને કોઈપણ જાતની ચૂકવણી વિના જબરદસ્તી મજૂરી કરવા મજબૂર કરતી હતી. ગામના પ્રમુખ પાસે ચોક્કસ સમયગાળામાં સંખ્યાબંધ કુલ પ્રદાન કરાવશે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. આના માટે એક ખાતાવહી બનાવવામાં આવી હતી જેમાં ગ્રામજનોના નામ દાખલ કરવામાં આવતા હતા. અંગ્રેજો શારીરિક અને માનસિક શોષણ કરતા હતા. આવી સ્થિતિમાં, ગામના લોકોએ આ અપમાનજનક પ્રથા સામે બળવો શરૂ કર્યો. 14 જાન્યુઆરી 1921ના રોજ ઉત્તરાયણી તહેવાર દરમિયાન સરયુ અને ગોમતી નદીના સંગમ પર કુલી બેગાર ચળવળ શરૂ થઈ હતી. સરયુ મેદાન ખાતે એક સભા યોજાઈ હતી જેમાં બદ્રીદત્ત પાંડેએ શપથ લીધા હતા કે, અમે પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે હવેથી કુલી ઉતાર, કુલી બેગાર અને કુલી બરદાયશને સહન કરીશું નહીં. એકઠા થયેલા તમામ લોકોએ પ્રતિજ્ઞા લીધી અને ભારત માતાના નારા લગાવી ગામના વડીલોએ બેગાર (જબરદસ્તી મજૂરી)નો હિસાબ નદીઓના સંગમમાં ડુબાડી દીધો. આ રીતે અંગ્રેજો પર દબાણ સર્જાયું અને આ પરંપરા નાબૂદ કરવામાં આવી. આ ચળવળની સફળતા બાદ બદ્રીદત્ત પાંડેને 'કુમાઉં કેસરી'ના બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કહેવાય છે કે, મહાત્મા ગાંધીએ આ આંદોલનને 'રક્તહીન ક્રાંતિ' નામ આપ્યું હતું. બદ્રીદત્ત પાંડેને 30 ડિસેમ્બર 2021ના રોજ હલ્દવાનીમાં અનેક પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા યાદ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, "કુમાઉંએ દેશની આઝાદીમાં પણ ઘણું યોગદાન આપ્યું છે. અહીં પંડિત બદ્રીદત્ત પાંડે જીના નેતૃત્વમાં ઉત્તરાયણી મેળામાં કુલી બેગાર પ્રથાનો અંત આવ્યો હતો. 1955માં બદ્રીદત્ત પાંડે અલ્મોડાના સાંસદ બન્યા. 13 જાન્યુઆરી 1965ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સ્વતંત્રતા સેનાની દામોદર સ્વરૂપ શેઠ બાંસ બરેલીના સરદાર હતા

જન્મઃ 11 ફેબ્રુઆરી 1901, અવસાન 1965

પ્રસિદ્ધ ક્રાંતિકારી અને દેશભક્ત દામોદર સ્વરૂપ શેઠનો જન્મ 11 ફેબ્રુઆરી 1901ના રોજ ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં થયો હતો. તેમણે પોતાનું સમગ્ર જીવન દેશને આઝાદ કરાવવા માટે સમર્પિત કરી દીધું હતું અને સ્વતંત્રતાના સંગ્રામમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેઓ શરૂઆતથી જ ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા અને જ્યારે તેઓ અભ્યાસ માટે અલ્હાબાદ ગયા ત્યારે ત્યાંના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા હતા. અભ્યાસ પછી, તેઓ ચંદ્રશેખર આઝાદની હિન્દુસ્તાન સોશયલિસ્ટ રિપબ્લિકન પાર્ટીમાં જોડાયા. દામોદર સ્વરૂપ સેઠના પ્રભાવનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ પણ તેમનો ઘણો આદર કરતા હતા. એવું માનવામાં આવે છે કે તેનું નામ બનારસ કાવતરા કેસ અને કાકોરી કાવતરા કેસમાં પણ સામેલ હતું અને બ્રિટિશરો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જો કે, સરકાર તેમની સામેના આરોપો સાબિત કરી શકી ન હતી અને આ રીતે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. બાદમાં તેઓ કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. કહેવાય છે કે સેઠ દામોદર સ્વરૂપનો શારીરિક બાંધો પાતળો હતો. આવી સ્થિતિમાં તેમને અંગ્રેજ સરકાર વિરુદ્ધ પત્રિકાઓ ચોંટાડવાનું કામ મળતું. અંગ્રેજો તેને પકડવા આવતા ત્યારે તે પાતળા હોવાને કારણે ભાગી જતા હતા. દામોદર સ્વરૂપ સેઠે પણ અસહકાર ચળવળમાં ભાગ લીધો અને જેલમાં ગયા હતા. ક્રાંતિકારી સેઠ દામોદર સ્વરૂપ, જેમને સ્વતંત્રતા સેનાનીઓના વડા માનવામાં આવે છે, તેઓ બાંસ બરેલીના સરદારના નામથી પણ ઓળખાય છે. એક સમય હતો જ્યારે બરેલીમાં નારા ગુંજતા હતા, "બાંસ બરેલી કા સરદાર, સેઠ દામોદર ઝિંદાબાદ." દામોદર સ્વરૂપ સેઠ સંયુક્ત પ્રાંતમાંથી ભારતીય બંધારણ નિર્માતા પરિષદના સભ્ય હતા. સભામાં તેઓ ખૂબ જ સ્પષ્ટ વક્તા હતા. એવું માનવામાં આવે છે કે સભ્ય તરીકે તેમનું યોગદાન મહત્વપૂર્ણ હતું અને તેમણે બંધારણના મુસદ્દા પર બાબાસાહેબ ભીમ રાવ આંબેડકરને ઘણા વિષયો સૂચવ્યા હતા, જેનો સ્વીકાર પણ કરવામાં આવ્યો હતો. આઝાદી પછી પણ તેઓ દેશની સેવા કરતા રહ્યા અને દેશની પ્રગતિ અને વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કામ કર્યું. વર્ષ 1965માં તેમનું અવસાન થયું હતું.

વ્યક્તિત્વ | શંભુનાથ ડે



જન્મઃ 1 ફેબ્રુઆરી 1915,
અવસાનઃ 15 એપ્રિલ 1985

# જેમના સંશોધને બચાવ્યા કોલેરાના દર્દીઓના જીવ

**'બ્લુ ડેથ' એટલે 'કોલેરા' જેને ભારતમાં નવું નામ 'હૈજા' (હિન્દીમાં) આપવામાં આવ્યું હતું. એક સમય હતો જ્યારે આ રોગને જીવલેણ માનવામાં આવતો હતો. તે થોડા જ સમયમાં મહામારીનું રૂપ ધારણ કરી લેતો હતો અને ગામડાઓ આ રોગની ઝપેટમાં આવતા હતા. વર્ષ 1884માં, રોબર્ટ કોચ નામના વૈજ્ઞાનિકે કોલેરાનું કારણ બનેલા જીવાણુંની શોધ કરી હતી, પરંતુ આ રોગનો ઈલાજ શોધી શકાયો નહોતો. ભારતીય વૈજ્ઞાનિક શંભુનાથ ડેએ 75 વર્ષ પછી આ રોગથી મૃત્યુનું ચોક્કસ કારણ શોધી કાઢ્યું હતું. તેમના પ્રયાસે લાખો લોકોના જીવ બચાવ્યા...**

ઓરલ ડીહાઈડ્રેશન સોલ્યુશન (ORS) એ આજે ખૂબ જ સામાન્ય દવા છે જેને તમે સરળતાથી ઘરે પણ બનાવી શકો છો. જે વૈજ્ઞાનિકના સંશોધનના આધારે ORSની શોધ કરવામાં આવી હતી, તે સંશોધક બીજું કોઈ નહીં પણ શંભુનાથ ડે હતા, જેનો જન્મ 1 ફેબ્રુઆરી 1915ના રોજ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાં થયો હતો. તેમના પિતાનું નામ દશરથી ડે અને માતાનું નામ ચિત્રેશ્વરી દેવી હતું. નબળી આર્થિક સ્થિતિના કારણે તેમને શરૂઆતના દિવસોમાં અભ્યાસમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ છતાં તેણે હાર ન માની અને અભ્યાસ ચાલુ રાખ્યો. બાદમાં કલકત્તા મેડિકલ કોલેજમાં તેમની પસંદગી થઈ અને સંશોધનમાં તેમની રુચિને કારણે તેઓ અભ્યાસ માટે લંડન ગયા. ત્યાંથી તેઓ 1949માં ભારત પાછા ફર્યા અને કલકત્તાની મેડિકલ કોલેજમાં સેવા આપવા લાગ્યા.

એવું માનવામાં આવે છે કે વર્ષ 1817થી બહાર આવેલી આ બીમારીને કારણે લગભગ 1 કરોડ 80 લાખ લોકોના મોત થયા હતા. આ પછી પણ ભારત અને અન્ય દેશોને અલગ-અલગ સમયે તેના પ્રકોપનો સામનો કરવો પડ્યો હતો. કોલેરાના જીવાણુંની શોધ આમ તો 1884માં થઈ ગઈ હોવા છતાં, વૈજ્ઞાનિકો તેની યોગ્ય સારવાર શોધવામાં અસફળ રહ્યા હતા. આવી પરિસ્થિતિમાં શંભુનાથ ડેએ કોલેરાનો યોગ્ય ઈલાજ શોધવાનો સંકલ્પ લીધો. આઝાદી પહેલા ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજીના પાયામાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા શંભુનાથ ડેએ કોલેજમાં તેમનું કામ પૂરું કર્યા પછી કોલેરામાં સંશોધન કરવાનું શરૂ કર્યું. તેમણે શોધી કાઢ્યું કે જીવાણું દ્વારા ઉત્પાદિત આવા ઝેરને કારણે ડિહાઈડ્રેશન થાય છે અને લોહી જાડું થઈ જાય છે, જેના કારણે આખરે કોલેરાના દર્દીઓનું મૃત્યુ નીપજે છે.

સંસાધનોની અછત હોવા છતાં, તેમણે કોલેરાના જીવાણું દ્વારા ઉત્પાદિત ઘાતક ઝેર વિશે જાણ્યું. તેમનું સંશોધન વર્ષ 1953માં પ્રકાશિત થયું હતું જે એક ઐતિહાસિક સંશોધન હતું. તેમના સંશોધન પછી જ ORSની શોધ થઈ હતી.

શંભુનાથ ડેની શોધે સમગ્ર વિશ્વમાં કોલેરાના અસંખ્ય દર્દીઓને મોઢામાં પ્રવાહી આપીને તેમના જીવન બચાવી શકાયા. શંભુનાથ ડેને તેમના કામ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી હતી. તેઓ નોબેલ પુરસ્કાર માટે પણ નામાંકિત થયા હતા. કોલેરા પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક શંભુનાથ ડેનું 15 એપ્રિલ 1985ના રોજ અવસાન થયું હતું. લોકોને કોલેરાનાં કારણો અને નિવારણ અંગે જાગૃત કરવા માટે દર વર્ષે 23 સપ્ટેમ્બરે વિશ્વ કોલેરા દિવસની ઉજવણી કરવામાં આવે છે.



**PMO India** @PMOIndia
India government organization
कनेक्टिविटी अपने साथ विकास की संभावनाओं का विस्तार करती है।

> कनेक्टिविटी से जुड़ा इंफ्रास्ट्रक्चर दो जगहों को ही नहीं जोड़ता, बल्कि ये सपनों को हकीकत से जोड़ता है। ये मैन्यूफैक्चरिंग को मार्केट से जोड़ता है, टैलेंट को उचित प्लेटफॉर्म से जोड़ता है।



**रक्षा मंत्री कार्यालय/ RM...**
हमारी सुरक्षा व्यवस्था की मजबूती का एक प्रमाण यह भी है, कि पिछले कुछ वर्षों में भारत, दुनिया के लिए एक पसंदीदा, और भरोसेमंद investment destination बनकर उभरा है। ऐसा बस मैं नहीं कह रहा हूँ, बल्कि दुनिया की बड़ी agencies, और global business leaders यह बात मानते हैं: रक्षा मंत्री



**Amit Shah** @AmitShah
Indian Army is synonymous with valour and courage. On #ArmyDay, I extend my greetings to soldiers, veterans and their families. India is proud of our Army for their resolve to keep the nation safe. We salute our Bravehearts and bow down to their supreme sacrifices.



**Nitin Gadkari** @nitin_g...
Under PM Shri @narendramodi Ji's inspiring leadership, India has achieved spectacular success in vaccine implementation ensuring equity & coverage while adopting Digitization. Our vaccination drive has shown the power of Team India.



Nirmala Sitharaman retweeted
**NSitharamanOffice** ...
In 2013, India was among the 'Fragile Five' economies of the world. However, since Modi govt came to power in 2014, India's economy has undergone significant changes that have led to it now being the fastest growing economy in the world.



**Piyush Goyal** @Piyush...
गति से प्रगति!
PM @NarendraModi ji flags off India's 8th #VandeBharat connecting Secunderabad & Visakhapatnam.
A grand Rail Infra gift to the people of Andhra Pradesh & Telangana on Makar Sankranti for further enhancing connectivity between the 2 States.

---

वैश्विक दक्षिण क्षेत्र के शिखर सम्मेलन में प्रधानमंत्री ने कहा

## दुनिया संकट में, साथ आएं विकासशील देश



प्रधानमंत्री मोदी ने किया वैश्विक निवेशक सम्मेलन 'इन्वेस्ट मध्यप्रदेश' का उद्घाटन

## राजनीतिक स्थिरता, सुधारों की वजह से निवेश की आकर्षक मंजिल बना भारत

भारत ने ग्रीन हाइड्रोजन को दी हरी झंडी



पीएम मोदी ने की अपने इजराइली समकक्ष से फोन पर बातचीत

## भारत वैश्विक अर्थव्यवस्था का चमकता सितारा : मोदी

वैश्विक निवेशक सम्मेलन : कहा-मजबूत लोकतंत्र युवा आबादी और राजनीतिक स्थिरता से आशावाद

तेलंगाना-आंध्र प्रदेश की साझा संस्कृति और विरासत जुड़ेगी

हर भारतीय को सेना पर है गर्व

देश का बुनियादी ढांचा किया मजबूत, मेक इन इंडिया को मिल रही नई ताकत : मोदी

## भारत को शीर्ष तीन अर्थव्यवस्थाओं में से एक बनाना लक्ष्य : प्रधानमंत्री



युवा महोत्सव में भाग लेने से पहले मोदी का 'रोड शो'

RNI No. :
DELGUJ/2020/78810
February 1-15 2023

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક


RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing January, 27, 2023, Pages -52)

ભારતીય તટરક્ષક દિવસ: 1 ફેબ્રુઆરી

# वयम् रक्षाम:



**'वयम् रक्षाम:'** આદર્શ વાક્ય સાથે પોતાના કર્તવ્ય પથ પર કૂચ કરતું ભારતીય તટરક્ષક દળ (ICG) તેમની અદમ્ય ભાવના સાથે આપણા દરિયાકિનારાને સુરક્ષિત રાખવામાં અને દરિયાઈ પર્યાવરણનું રક્ષણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રાષ્ટ્ર પ્રત્યે નિઃસ્વાર્થ સેવામાં જોડાયેલું ભારતીય તટરક્ષક દળ 1 ફેબ્રુઆરી 2023 ના રોજ તેનો 47મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. પોતાના ક્ષેત્રમાં દરિયાઈ માર્ગો દ્વારા થતી દાણચોરીને અટકાવવી એ ભારતીય તટરક્ષક દળની પ્રાથમિક ફરજોમાંની એક છે. વિશ્વના ચોથા સૌથી મોટા તટરક્ષક દળ તરીકે, ભારતીય તટરક્ષક દળ ભારતના દરિયાકાંઠાને સુરક્ષિત કરવામાં અને ભારતના દરિયાઈ ઝોનમાં નિયમો લાગુ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. 1978માં માત્ર 7 સરફેસ પ્લેટફોર્મ સાથે એક સાધારણ શરૂઆત કરનારું ભારતીય તટરક્ષક દળ આજે 158 જહાજો અને 70 એરક્રાફ્ટ સાથે અજેય બળ બની ગયું છે. 2025 સુધીમાં 200 સરફેસ પ્લેટફોર્મ અને 80 એરક્રાફ્ટની શક્તિ મેળવવાનું તેમનું લક્ષ્ય છે.



“ભારતીય તટરક્ષક દળ પરિવારને તેમના સ્થાપના દિવસની શુભેચ્છાઓ. તટરક્ષક દળ એક એવી સંસ્થા છે જે વિશાળ વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. આ કર્તવ્યનિષ્ઠ લોકોનું એક અદ્ભુત દળ છે, જેઓ નિરંતર આપણા દરિયાકાઠાંનું રક્ષણ કરે છે અને હંમેશા માનવતાવાદી પ્રયાસોમાં મોખરે રહે છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

Gujarati

**Editor in Chief**
**Satyendra Prakash**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General, on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd. FBD-One Corporate Park, 10th floor, New Delhi-Faridabad border, NH-1, Faridabad-121003